**સુવિચાર**

''આહારમાં વિષ ભળે તો એનો ઉપાય સંભવ છે, પણ વિચારમાં વિષ ભળે તો એનો ઉપાય અસંભવ છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૭/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ વદ-૧૩ વર્ષ : ૧૭ અંક : ૧૭૯

### યુવકો સિંહદર્શન કરવા ગયેલ ત્યારે મેટિંગ પીરિયડમાં હોવાથી સિંહે હુમલો કરેલ

## અંટાળીયામાં સિંહનાં હુમલામાં એક યુવકનાં મોતનાં બનાવમાં ૨ યુવકોની અટકાયત કરવામાં આવી

### મૃતક યુવક સહિત ૩ સામે વનવિભાગે ગુન્હો નોંધી કાર્યવાહી શરૂ કરી

લીલીયા, તા. ૧૧

લીલીયા રેન્જ હેઠળ આવતા અંટાળિયા વિસ્તારમાં બે દિવસ પહેલા રાત્રીના સમયે સિંહના મેટિંગ દરમિયાન ગેરકાયદેસર રીતે સિંહ દર્શન કરી વન્યજીવને પરેશાન કરવા જતાં



સિંહના હુમલામાં ૨૧ વર્ષીય સોહિલ મુંજાવરનું મોત નીપજયું હતું.

આ ગંભીર ઘટનાના પગલે રાજય સરકારના કડક આદેશ બાદ, લિલિયા વન વિભાગે ત્વરિત કાર્યવાહી હાથ ધરી વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એકટ હેઠળ ગુનો નોંધી બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા શખ્સોએ શરૂઆતમાં ગોળ ગોળ જવાબ આપ્યા હતા. પરંતુ અનુભવી વનવિભાગ અધિકારીઓ દ્વારાની પૂછપરછ દરમિયાન કબૂલાત પણ કરી હતી કે, તેઓ ગેરકાયદેસર સિંહ દર્શન માટે જ ઘટના સ્થળે ગયા હતા. અને ત્યારે જ આ બનાવ બન્યો હતો. આરોપીઓ પાસે રહેલા

અનુસંધાન પાના ૬ ઉપર

### રસિકભાઈ પરવાડીયા નામના


## વડિયાનાં અનિડા ગામનાં વૃધ્ધનું અકસ્માતે કુવામાં પડી જવાથી મોત

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૧૧

વડિયા તાલુકાના અનીડા ગામે રહેતા રસિકભાઈ બાવાભાઈ પરવાડી નામના ૬૫ વર્ષીય વૃધ્ધ તા. ૧૦ના રોજ સવારના ૭ વાગ્યે અનીડા ગામે આવેલ પોતાની વાડીમાં આવેલ કુવામાં અકસ્માતે પડી જવાથી કુવાના પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ટેલીફોનિક બેસણું



સ્વ. મનહરભાઈ ગીગાભાઈ દોમડીયા (ઉ.વ.૯૬)
મુ. ઢાંગલા, તા. લીલીયા મોટા, જન્મ તા. ૧૫/૦૬/૧૯૩૦, સ્વ. તા. ૧૦/૦૭/૨૦૨૬

દોમડીયા પરિવારના મોભી શ્રી મનહરભાઈ ગીગાભાઈ દોમડીયા (ઉ.વ. ૯૬) નું તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે, પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગત આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ...

:: સદ્‌ગતનું ટેલીફોનિક બેસણું ::

| તારીખ | સમય |
|---|---|
| ૧૩/૦૭/૨૦૨૬, સોમવાર | સવારે ૯ થી સાંજના ૬ કલાક સુધી |

દોમડીયા પરિવારે પોતાના પિતાજીનું બેસણું ટેલીફોનિક પધ્ધતિથી રાખવાનું નકિક કર્યુ છે, જુની પ્રથા અને જુના રિવાજમાંથી નવી દિશા તરફની પહેલમાં આપ સૌના સાથ સહકારની અપેક્ષા મળશે, એવી આશા સહ......

લી.

ભરતભાઈ મનહરભાઈ દોમડીયા | રમીલાબેન ભરતભાઈ દોમડીયા
પ્રકાશભાઈ મનહરભાઈ દોમડીયા | જયોતિબેન પ્રકાશભાઈ દોમડીયા
નીરવ ભરતભાઈ દોમડીયા | શ્વેતા નીરવભાઈ દોમડીયા
સ્વાતી બ્રિજેશભાઈ કોલડીયા | બ્રિજેશભાઈ ધીરૂભાઈ કોલડીયા

દાદાનો લાડકો માધવ
Mo: +91 78746 08589 / +91 99984 18724

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,31,900/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૧/૦૭/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)<br>મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS),<br>Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | ડો. પ્રિતિશ શાહ<br>એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી)<br>કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ<br>લક્ષણો: પગ માં સોજા ચડવા, બીપી, ડાયાબિટીસ, ભૂખ ઓછી લાગવી, પેશાબમાંથી પ્રોટીન જવું, ઉલટી, ઉબકા, હેડકી, પેશાબ ઓછો કે બંધ થઈ જવો, શ્વાસ ચડવો, તાણ આંચકી |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

**શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા**

વર્ષ : ૨૦૨૫/૨૦૨૬

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

શ્રી બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી.ના સર્વે સભાસદને આથી જણાવવાનું કે આપણી મંડળીની ૭૨ મી વાર્ષિક સાધારણ સભા તા.૨૬/૦૭/૨૦૨૬ ને રવિવારના રોજ નિચેના સ્થળે અને સમયે દર્શાવેલ કાર્યસૂચિનાં નિકાલ માટે મળશે. તો દરેક સભાસદશ્રીએ સમયસર હાજરી આપવા વિનંતી

આપણી મંડળીના પેટાનિયમ આધિન ગુજરાત રાજયનાં ૨૯ જિલ્લાઓનું કાર્યક્ષેત્ર મંજુર થયા મુજબ મું.પાળિયાદ (તા.બોટાદ) મુકામે મંડળીની યોજાનાર ૭૨ મી વાર્ષિક સાધારણ સભામાં રાજકોટનાં સાંસદ શ્રી પરશોતમભાઈ રૂપાલા, ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી, ગુજરાત રાજયનાં ઉર્જા-કાયદો અને પેટ્રોકેમીકલ મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા, તથા આશિર્વચન પાઠવવા પરમ પૂ.૧૦૦૮ મહા મંડલેશ્વર મહંતશ્રી નિર્મળાબા, વિહળ ધામ પાળિયાદ ખાસ ઉપસ્થિત રહેશે તેની જાણ સહ...

| તારીખ : ૨૬-૦૭- ૨૦૨૬, રવિવાર | સમય : સવારે 10 : 30 કલાકે |
|---|---|

:: સ્થળ :: પરમ પૂજય શ્રી વિસામણ બાપુની જગ્યા ''વિહળ ધામ'' મુ. પાળિયાદ, તા.જી. બોટાદ

:: કાર્યસૂચિ ::

૧) ગત તા.૩૧/૦૮/૨૦૨૫ ના રોજ મળેલ ૭૧ મી વાર્ષિક સાધારણ સભાનું રોજકામ વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
૨) વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન વ્યવસ્થાપક કમીટીએ કરેલ કામગીરીને બહાલ રાખવા બાબત.
૩) તા.૩૧/૦૩/૨૦૨૬ ના રોજ પુરા થતા વર્ષ અંતેના નફા-નુકશાન ખાતા તથા સરવૈયાના હિસાબો મંજૂર કરી બહાલ રાખવા બાબત.
૪) બોર્ડ ઓફ ડિરેકટર્સે સુચવેલ વર્ષ-૨૦૨૫/૨૬ ના અંતેના નફાની ફાળવણીને બહાલ રાખવા બાબત.
૫) મંડળીની શાખા ઓફીસ ઉપયોગ માટે સ્થાવર મિલ્કત ખરીદ કરવા મૂડી રોકાણ કરવા અંગે મંજુરી મેળવવા બાબતે.
૬) મંડળીના હિસાબી વર્ષ-૨૦૨૫/૨૬ દરમ્યાન ધિરાણ મુદતવિતી બાકીદાર સામે ક.૭૩-૭૭ મુજબ કાર્યવાહી બાબતે.
૭) શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ સહ. મંડળીઓ (ગુજરાત રાજય) અમરેલીને તા.૦૭/૦૩/૨૦૨૬ ના રોજ અનુસૂચિ-બી નિયમ ૩૧ ના પેટાનિયમ ૧૫ સ્ટેટ લેવલ કો.ઓપરેટીવ સોસાયટી માટે શૈક્ષણીક નિધીની રકમ જિલ્લા સંઘને ફાળવવા બાબતે લખેલ છે. જે અંગેનું પ્રકરણ જોઈ તપાસી તે મુજબ કાર્યવાહી કરવા બાબતે.
૮) અધ્યક્ષ સ્થાનેથી અગર પુર્વ મંજુરીથી રજુ થાય તે અંગે નિર્ણય કરવા બાબત.

તારીખ :૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : બગસરા

નોંધ :- ૧) મંડળીના સભાસદશ્રીઓને જાણ કરવામાં આવે છે કે વાર્ષિક અહેવાલ જોવા અને વાંચવાની જરૂરીયાત હોય અથવા અહેવાલ જોઈતો હોય તો પોતાની શાખાએ રૂબરૂ જઈ મેળવી લેવા વિનંતી.
૨) સાધારણ સભા ઉપર દર્શાવેલ સમય મુજબ સમયસર શરૂ થશે.
૩) મંડળીને લગતી માહિતી કે અન્ય કોઈ બાબતની જાણકારી અંગે મળતી સાધારણ સભાના દિવસથી ૬ દિવસ અગાઉ જન.સેક્રેટરી સમક્ષ લેખીતમાં રજુઆત કરવાની રહેશે.
૪) સભાસદો અને આમંત્રિતો સિવાય કોઈને સભામાં હાજર રહેવા દેવામાં આવશે નહી.
૫) સ્વરૂચિ ભોજન સાથે લઈશું.

| ડી.જી.મહેતા | નિતેષ કોડીઆ | રશ્વિનભાઈ પી.કોડીઆ |
|---|---|---|
| જનરલ સેક્રેટરી | જનરલ એમ.ડી. | ચેરમેન |

**શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા**

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ

| | |
|---|---|
| ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.) |
| ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીઝીયોથેરાપીસ્ટ) |

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
- સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
- નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
- ઓછા ખુલતા મોઢાની સારવાર

સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

# કુંકાવાવ-વડીયા તાલુકાના તળાવોમાં નવા નીરના વધામણા કરતાં રાજયમંત્રી કૌશિક વેકરીયા



અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકામાં રાજય સરકારના સહયોગથી હાથ ધરાયેલા જળસંચય અભિયાનના પરિણામે પ્રથમ વરસાદમાં જ તળાવોમાં નવાનીરની આવક થતાં સમગ્ર વિસ્તારમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ અવસરે ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કુંકાવાવ–વડીયા તાલુકાના અમરાપુર, જંગર, નાની કુંકાવાવ, સનાળી અને સનાળા ગામોની મુલાકાત લઈ નવા નીરના વધામણા કર્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે અમરેલી, વડીયા અને કુંકાવાવ તાલુકાના કુલ ૧૧૫ ગામોમાં તળાવો ઉંડા કરવાની મહવાકાંક્ષી કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઉનાળા દરમિયાન પૂર્ણ થયેલા આ જળ સંચય કાર્યના પરિણામે ચોમાસાના પ્રથમ વરસાદમાં જ તળાવો પાણીથી છલકાતા ખેડૂતો અને ગ્રામજનોમાં નવી આશા જાગી છે. રાજય સરકારના સહયોગથી જેટકો અને પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલા અનુદાન તેમજ ગીરગંગા ટ્રસ્ટની ટેકનિકલ સહાયથી ૧૧૫ ગામોમાં હિટાચી મશીન દ્વારા પ્રતિ ગામ અંદાજે ૬૦૦ કલાક કામગીરી કરીને તળાવો ઊંડા કરવામાં આવ્યા હતા. આ ભગીરથ પ્રયાસોના કારણે વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ શકય બન્યો છે, જે આવનારા સમયમાં ખેતી, પશુપાલન અને ભૂગર્ભ જળસ્તરમાં વધારો કરવા માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં જળસંચયને પ્રાધાન્ય આપી વ્યાપક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રાજય સરકારના સહયોગથી થયેલી આ કામગીરીના પરિણામે આજે કરોડો લીટર વરસાદી પાણીનો સંગ્રહ શકય બન્યો છે. પાણીનું એક–એક ટીપું અમૂલ્ય છે અને આ જળસંચય ખેડૂતો માટે આશીર્વાદ સમાન બની કૃષિ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. નવા નીરના વધામણાંના પ્રસંગે વિવિધ ગામોના આગેવાનોએ રાજય સરકારના આ જળ સંચય અભિયાન માટે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાનો આભાર વ્યકત કર્યો હતો. સનાળા મુકામે ગીરગંગા પરિવાર દ્વારા રાજય સરકારના માધ્યમથી અમરેલી જિલ્લામાં આ ભગીરથ જળસંચય અભિયાન શરૂ કરવા બદલ રાજયમંત્રીનું સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, વાળા, કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, તાલુકાના અગ્રણીઓ, પી.વી. વસાણી, વિપુલભાઈ વસાણી, મધુભાઈ હરખાણી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ખોડલધામ સમિતિ દ્વારા

## સાવરકુંડલા ખાતે ખોડલધામનાં પ્રણેતાં નરેશ પટેલનાં જન્મદિને રકતદાન કેમ્પ યોજાયો

### ૨૨૫ બોટલ રકત એકત્રિત કરવામાં આવ્યુ



સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા લેઉવા પટેલ સમાજ સંચાલિત ખોડલધામ કાગવડ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં ૭૫થી વધુ સ્થળોએ રકતદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સાવરકુંડલા ખાતે 'ખોડલધામ સમિતિ – સાવરકુંડલા' દ્વારા એક વિશાળ અને ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન હાથ ધરાયું હતું. આ કેમ્પમાં સાવરકુંડલા શહેર તેમજ ગ્રામ્ય પંથકમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

આ માનવ સેવાના ભગીરથ કાર્યની શરૂઆત પૂજય લવજીબાપુ અને માનનીય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ હસ્તે દીપ પ્રાગટય કરીને કરવામાં આવી હતી. કેમ્પ દરમિયાન સર્વસમાજના નાગરિકો અને યુવાનોએ ખૂબ જ હોંશભેર રકતદાન કરી સાચા અર્થમાં આ અમૂલ્ય સેવાનો લાભ લીધો હતો. રકતદાતાઓના અભૂતપૂર્વ ઉત્સાહને કારણે કેમ્પના અંતે કુલ ૨૨૫ બોટલ રકત એકત્રિત કરી કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવી હતી.

બ્લડ ડોનેશન કેમ્પની સાથે–સાથે લેઉવા પટેલ સમાજના સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વિજેતા બનેલા તમામ ચૂંટાયેલા સભ્યોનો સન્માન સમારોહ પણ યોજવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓએ ખાસ હાજરી આપી રક્દાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં ખોડલધામના ટ્રસ્ટી મનીષભાઈ માંગરોળીયા (હાલ ભોપાલ) અને દેવચંદભાઈ કપોપરાએ સતત માર્ગદર્શન અને અમૂલ્ય યોગદાન પૂરૂ પાડયું હતું. આ ઉપરાંત, સાવરકુંડલા ખોડલધામની તમામ ટીમોએ દિવસ–રાત જોયા વગર ભારે જહેમત ઉઠાવી હતી. આ તકે 'ભોજલરામ વાડી'ની ટીમે પણ કાર્યક્રમની વ્યવસ્થામાં ખૂબ જ પ્રશંસનીય સાથ–સહકાર આપ્યો હતો. સમગ્ર આયોજન ખૂબ જ શિસ્તબદ્ધ અને પ્રેરણાદાયી રહ્યું હતું.

## દામનગરમાં અકસ્માત થાય તે પહેલા જર્જરીત થયેલ વીજ થાંભલાને હટાવવાની જરૂર છે




દામનગર, તા. ૧૧

દામનગર શહેરમાં જુની શાક માર્કેટ પાછળ અંદાજે પાત્રીશ વર્ષ જુના સીમેન્ટનો વીજ પોલ નીચેના ભાગે જર્જરીત થઈ ગયેલ છે અને લોખંડના સરિયા દેખાઈ રહ્યા હોય તેમજ રસ્તાની વચ્ચે હોવાથી, દુર્ઘટના બને તે પહેલા અન્ય સલામત જગ્યાએ લઈ જઈ નવો થાંભલો ઉભો કરવાની માંગ ઉઠી છે, જોઈએ હવે તંત્ર કયારે કાર્યવાહી કરે છે.આ અગાઉ થોડા દિવસો પહેલા આ બાબતનો અખબારમાં અહેવાલ પ્રસિધ્ધ થયેલ અને ટેલીફોનીક વાતચીત થયેલ.

### સમાજનાં દરેક નાગરિકોને પ્રેરણા મળે તેવુ જીવન પસાર કરીને

## લીલીયા મોટાનાં ઢાંગલા ગામનાં વતની અને નિવૃત્ત મિકેનિકલ ઈજનેરનું ૯૬ વર્ષની જૈફ વયે અવસાન થયુ

### તેઓનુ દેહદાન ભાવનગરની સર ટી હોસ્પિટલને કરવામાં આવ્યુ



અમરેલી, તા. ૧૧

લીલીયા મોટા : ઢાંગલા ગામના વંદનીય વડીલ, ૯૬ વર્ષની વયે પણ તંદુરસ્ત, પ્રસન્નચિત્ત અને કાર્યશીલ રહેલા મનહરલાલ ગીગાભાઈ દોમડિયાનું ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ અવસાન થયું છે. સાવરકુંડલા ખાતે મિકેનિકલ ઈજનેર તરીકે અભ્યાસ કરેલા મનહરલાલભાઈ આજીવન ખેતીકામ દ્વારા ગ્રામ્ય જીવન સાથે જોડાયેલા રહ્યા હતા.

તેમના અવસાન બાદ તેમના દેહનું દાન ભાવનગર સરકારી સર ટી. હોસ્પિટલને કરવામાં આવ્યું છે. આ દાન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના જન જાગૃતિ અભિયાન અને મદદ હેઠળ પૂર્ણ થયું છે.

૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ ગામના જનસમુદાય તથા સગાં–વહાલાંઓની ઉપસ્થિતિમાં ભાવપૂર્વક વિદાય સંસ્કાર કરવામાં આવ્યા. ધાર્મિક વિધિઓ પૂર્ણ કર્યા બાદ સૌએ આનંદપૂર્વક મૃતદેહને વિદાય આપી. આ પ્રસંગ પરિવારની એકતા, વડીલોના આશીર્વાદ અને સંસ્કારના મૂલ્યોને જીવંત કરતો યાદગાર બની રહ્યો.

મનહરલાલભાઈના પુત્રો : ભરતભાઈ, પ્રકાશભાઈ, પુત્રવધુઓ : રમીલાબેન, જયોતિબેન, પુત્રીઓ : સરોજબેન, ઉષાબેન, ઈલાબેન, કીર્તીબેન, પૌત્રો : ડો. નિરવ (હાલ લંડન), ઈજનેર રોહન, પૌત્રીઓ : સ્વાતી, શ્રુતિ, ડો. શ્વેતા, દાદાનો લાડકો ભાણીયો માધવ તથા મેહુલ, સોનુ, બ્રિજેશ, ચંદ્રકાંત બુટાણી, ભરત પાનસુરિયા સહિત સમગ્ર પરિવારે આ દુઃખની ઘડીમાં એકતા અને સંસ્કાર જાળવી રાખ્યા છે.

વિદેશમાંથી વીડિયો કોન્ફરન્સ દ્વારા જોડાયેલા સગાં–વહાલાં : ડો. ઘનશ્યામ, વનરાજ, નવીન, ડો. મયૂર, જિગ્નેશ, ગજેન્દ્ર, અસ્મિતાબેન, જીતુભાઈ, ત્રિવેણીબેન, ગીતાબેન, હિતેશ, મહેન્દ્ર, સોનલબેન, મીનાબેન, રૂપલબેન વગેરે.

બટુકભાઈ પરશોત્તમભાઈ ગુણીબેન રીબડીયા, મંજુલાબેન, ચેતનાબેન, નીર્મળાબેન દોમડિયા, પ્રોફેસર કિરણકુમાર વિનાયકભાઈ દોમડિયા, જીતુભાઈ રીબડીયા, માવજીભાઈ લહેરી, પરેશભાઈ પટેલ સહિત અનેક ગામજનો અને સગાં–વહાલાંઓ ઉપસ્થિત રહ્યા હતા.

મનહરલાલભાઈ પરશોત્તમભાઈ, માવજીભાઈ અને દેવજીભાઈ પછી ચાર ભાઈઓમાં સૌથી નાના હતા. તેઓ ત્રણ બહેનોના ભાઈ હતા. આ દોમડિયા પરિવાર ભાવનગર રાજયના કૃષ્ણકુમારસિંહજી સાથે સંબંધ ધરાવતો હતો.

પરિવારે જણાવ્યું છે કે આ પ્રસંગે કોઈ વૈભવી વિધિ કે રીવાજનું પાલન કરવામાં આવ્યું નથી. માત્ર ટેલિફોનિક સંદેશા દ્વારા સૌને જાણ કરવામાં આવી છે.

## ગાવડકા પ્રાથમિક શાળામાં છત્રી યુનિટ ઉભુ કરાયું



અમરેલી, તા. ૧૧

ગાવડકા પ્રાથમિક શાળામાં વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત પાંચથી આઠ ધોરણના બાળકો માટે એક છત્રી યુનિટ ઊભું કરવામાં આવ્યું છે. આ કાર્યનો હેતુ વાડીઓમાં વસતા પરપ્રાંતિય અને ગ્રામીણ શ્રમિક પરિવારના બાળકોને અભ્યાસ માટે શાળામાં આવતી જતી વખતે ચોમાસાની સિઝન દરમિયાન વરસાદથી બચવા છત્રી મળી રહે તે માટેનો છે, છત્રીના સ્ટેન્ડ સાથે જે તે કલાસ રૂમની બહાર સંખ્યાના પ્રમાણમાં છત્રીઓ રાખવામાં આવેલી છે, જયાંથી વરસાદ દરમિયાન બાળકો છત્રી લઈ જઈ શકે, એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, કાર્યક્રમ દરમિયાન છત્રી યુનિટ માટેનો તમામ આર્થિક સહયોગ પૂરો પાડનાર દાત્તા વાય.એમ.દેસાઈ, ડી. સી.એફ, વન વિભાગ (ગુજરાત રાજય)ને યાદ કરીને અભિનંદન પાઠવતા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.ગામના સરપંચ બાલુભાઈ ટાંકે હાજરી આપીને કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો હતો.સમગ્ર કાર્યક્રમ પ્રાથમિક શાળા સ્ટાફના સહયોગથી સંપન્ન થયો હતો.

### વેપારી અગ્રણી તેજસ મસરાણીની રજુઆત

## અમરેલીની બજારમાં ૧,૨,૫ અને ૧૦ નાં ચલણી સિક્કાની અછત જોવા મળે છે

### વેપારીઓનાં હિતમાં આર.બી.આઈ.માં રજુઆત કરી



અમરેલી, તા. ૧૧

અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લાના સ્થાનિક બજારોમાં છેલ્લા કેટલાક સમયથી નાના ચલણ એટલે કે૧,૨,૫ અને ૧૦ ના સિક્કાઓની ભારે અછત વર્તાઈ રહી છે. બજારમાં સિક્કાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાને કારણે વેપારીઓ અને ગ્રાહકો વચ્ચે રોજબરોજ પરચૂરણ બાબતે ઘર્ષણ અને મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. પ્રજાની આ વ્યાજબી સમસ્યાના કાયમી નિરાકરણ માટે અમરેલીના યુવા વેપારી અગ્રણી અને અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના ઉપપ્રમુખ તેજસ મસરાણી દ્વારા એક મહત્વની પહેલ કરવામાં આવી છે.

તેઓએ નાના ચલણની આ તીવ્ર અછતને દૂર કરવા માટે સંબંધિત ઉચ્ચ બેંકિંગ સત્તાધિશો અને તંત્રને ઈમેલ (Email) મારફતે એક વિસ્તૃત રજૂઆત મોકલી છે. આ રજૂઆતમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે, બજારમાં પરચૂરણ (સિક્કા) ન હોવાને કારણે નાના વેપારીઓ, ગલ્લાવાળાઓ, શાકભાજી વિકેતાઓ અને સામાન્ય નાગરિકોના રોજિંદા આર્થિક વ્યવહારો ખોરવાઈ રહ્યા છે. ઘણી વખત સિક્કાના અભાવે વેપાર પણ ગુમાવવો પડે છે.

તેમણે તંત્ર સમક્ષ માંગણી કરી છે કે, અમરેલી જિલ્લાની તમામ રાષ્ટ્રીયકૃત અને સહકારી બેંકોમાં પૂરતા પ્રમાણમાં નાના ચલણ (સિક્કાઓ)નો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવે, જેથી વેપારીઓ અને સામાન્ય જનતા સરળતાથી બેંકમાંથી સિક્કા મેળવી શકે અને બજારમાં ચાલતી આ કૃત્રિમ અછતનો અંત આવે.

'નાના સિક્કાઓ એ બજારના રોજિંદા વ્યવહારોની ધોરી નસ છે. તેની અછતને કારણે નાના વેપારીઓ અને મપ્રયમ વર્ગ સૌથી વધુ પરેશાન થાય છે. બેંકો દ્વારા સિક્કાઓ પૂરતા પ્રમાણમાં પૂરા પાડવામાં આવે તો જ આ સમસ્યા હલ થઈ શકે તેમ

## બાળકની અંદર રહેલી પ્રતિભાને યોગ્ય મંચ પર પ્રોત્સાહન મળે તે જ સાચુ શિક્ષણ : વસંતભાઈ ગજેરા

# અમરેલીનાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભામાં સાહિત્ય અને કલા મહોત્સવ યોજાયો

- મહોત્સવમાં ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહ, ઉમંગ અને આત્મવિશ્વાસ સાથે ભાગ લીધો
- કોઈ વિદ્યાર્થી રંગોમાં પોતાના સપનાઓ દોરી રહ્યો હતો તો કોઈ પોતાના વિચારોને જીવંત બનાવી રહ્યો હતો
- બાળકોનો ઉત્સાહ, આત્મવિશ્વાસ અને સર્જનાત્મક અભિવ્યક્તિ દરેકનાં હૃદયની સ્પર્શી ગઈ
- સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવશે




અમરેલી, તા. ૧૧

બાળકના જીવનમાં માત્ર પાઠયપુસ્તકનું જ જ્ઞાન પૂરતું નથી, પરંતુ તેની અંદર રહેલી કલાત્મક અને સર્જનાત્મક શકિતઓને ઓળખી તેને યોગ્ય દિશા આપવી એ જ સાચું શિક્ષણ છે. આ જ ઉમદા ભાવનાને સાકાર કરતાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ (ગુજરાતી-મિશ્ર-અંગ્રેજી માધ્યમ) તેમજ જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસલન્સ પ્રાથમિક શાળાથી ઉ.મા. શાળા ખાતે તા. ૧૧ થી૧૫ જુલાઈ, ૨૦૨૬ સુધી સાહિત્ય અને કલા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

આ મહોત્સવમાં કેમ્પસના ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહ, ઉમંગ અને આત્મવિાસ સાથે ભાગ લઈ પોતાની પ્રતિભાને અભિવ્યકત કરી. વિદ્યાર્થીઓને તેમના ધોરણ, માધ્યમ અને વિષય અનુસાર વિવિધ વિભાગોમાં વિભાજિત કરીને ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, ગાયન-વાદન, સુલેખન, સર્જનાત્મક કૃતિ, એકપાત્ર અભિનય, કિવઝ સ્પર્ધા સહિત અનેક સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કેમ્પસમાં સર્જનાત્મકતાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. કોઈ વિદ્યાર્થી રંગોમાં પોતાના સપનાઓ દોરી રહ્યો હતો, કોઈ શબ્દોમાં પોતાના વિચારોને જીવંત બનાવી રહ્યો હતો, તો કોઈ સંગીતના સ્વરોમાં પોતાની લાગણીઓ વ્યકત કરી રહ્યો હતો. નાનકડાં બાળકોનો ઉત્સાહ, આત્મવિાસ અને સર્જનાત્મક અભિવ્યકિત દરેક ઉપસ્થિતના હૃદયને સ્પર્શી ગઈ હતી.

સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના દ્રષ્ટિવંત માર્ગદર્શન હેઠળ ગજેરા કેમ્પસમાં શિક્ષણની સાથે સાહિત્ય, સંગીત, કલા અને સંસ્કારનું પણ સમાન મહત્વ આપવામાં આવે છે. તેમનો દઢ વિાસ છે કે 'દરેક બાળકમાં કોઈને કોઈ વિશિષ્ટ પ્રતિભા રહેલી હોય છે; શિક્ષણનું સાચું કાર્ય તે પ્રતિભાને ઓળખી તેને ખીલવવાનું છે.' આ જ વિચારસરણીના ભાગરૂપે દર વર્ષે આવા મહોત્સવોનું આયોજન કરી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવે છે.

સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને નિયમિત માર્ગદર્શન, વિશેષ પ્રશિક્ષણ અને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી તેઓ તાલુકા, જિલ્લા, રાજય અને રાષ્ટ્રીય કક્ષાની સાહિત્ય અને કલા સ્પર્ધાઓમાં ભાગ લઈસંસ્થા અને જિલ્લાનું ગૌરવ વધારી શકે.

જેના ભાગરૂપે સાહિત્ય અને કલા સ્પર્ધા યોજાય. તમામ બાળકોએ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગપૂર્વક ભાગ લીધો જેમાં સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખુંટ તથા કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહ્યા હતા, આ સ્પર્ધાની વ્યવસ્થા કરવા માટે હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, પ્રિન્સિપાલો શિક્ષકો દ્વારા જેહમત ઉઠાવી ખૂબ જ સારી વ્યવસ્થા કરવામાં આવેલ હતી. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને અભિનંદન પાઠવેલ હતા.

વિદ્યાર્થીઓને પરીક્ષામાં મળતા ગુણ જીવનમાં સરળતા અપાવે છે, પરંતુ કલા, સાહિત્વ અને સંસ્કાર બાળકની અંદર રહેલી પ્રતિભાને યોગ્ય મંચ પર પ્રોત્સાહન મળે એ જ સાચું શિક્ષણ છે. તેમ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ જણાવ્યું હતું.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ALL SCOOTER
CASH DISCOUNT
₹3000
LIMITED TIME OFFER
STYLE COMFORT PERFORMANCE ALL IN ONE
Hero
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

હંસરાજ ગાઠીયા હાઉસ
આદિત્ય
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી
તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે
૧ કિલોનો ભાવ
માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, ક્રિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક
ભાણાભાઇ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારુતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
Alpha Autolink
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

FLEX YOUR RIDE WITH HYBRID POWER
NEW Fascino 125 Fi HYBRID
EFFICIENT AND POWERFUL 125CC Fi ENGINE
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

સૌથી સસ્તું મોટરસાયકલ
દરેક પરિવારની પહેલી પસંદ
SHINE 100 DX
₹71,265/-
Shine 100 DX
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


**પ્રકરણ ..૨૯૩ –૧૯૬૬**

# સુન લે પુકાર આઈ, આજ તેરે દ્વાર લે કે, આંશુ ઓ કી ધાર લાઈ. શિસે સે પી, યા પેમાંને ને સે પી, પર પી દીવાને. ખુશી સે જી દીવાને ઝીંદગી મે પ્યાર કરના શીખ લે, જિસ કો જીના હૈ, મરના શીખ લે..

**પ્રિય વાચક મિત્રો,**

આગામી સપ્તાહમાં રથયાત્રાનો પવિત્ર તહેવાર આવી રહ્યો છે, તમામ વાચક મિત્રોને રથયાત્રાની શુભકામનાઓ. સાથે આજે ૧૯૬૬ના વર્ષની અંતિમ એટલે કે પ્રથમ નંબરની ફિલ્મની વાત કરીશું.

એક બાળક સવારમાં ખિલતા ફૂલ જેવુ કોમલ હોય છે, પણ સમાજમાં એવા બાળકો પણ છે, જે અનાથ છે, જેને સમાજ તરફથી કોઈ સહાનુભૂતિ પ્રાપ્ત થતી નથી. એક રોટી માટે કયારેક ભટકવું પડે છે, ત્યારે તે બાળક તેના હક અને પેટનો ખાડો પુરવા ધીમે ધીમે એક ફૂલમાંથી અંગાર અને અંગારથી જવાળમુખી અને તેમાંથી પથ્થર થઈ જાય છે, જે એવો પથ્થર છે, જેને સમાજ પ્રત્યે નફરત છે, પણ અમુક આવા પથ્થર દિલ મનુષ્યમાં પણ તેના હદયમાં રહેલ ફૂલ લાગણીઓના સુષુપ્ત ઝરણાથી જીવિત હોય છે, અને તેને એક સાચા પ્રેમની લાગણી ફરી કયારેક ફૂલ બનવા પ્રેરે છે. આવી કહાની લઈ આપી રાલ્હનની ફિલ્મ આવી ફૂલ ઔર પથ્થર આપી રાલ્હન એ તે સમયના સિલ્વર જબુલી સ્ટાર રાજેન્દ્ર કુમારના બનેવી છે. રાજેન્દ્રની બહેન મનોરમાં સાથે તેમના લગ્ન થયા હતા. રાલ્હન ૧૯૫૦થી હિન્દી સિનેમામાં સંઘર્ષ કરતાં હતા, તેઓ નાની ભૂમિકામાં ફિલ્મોમાં દેખાયા હતા. ૧૯૫૮માં તેઓએ ફિલ્મ મુજરીમનું નિર્દેશન કર્યુ હતું. અને ૧૯૬૩માં તેઓએ રાજેન્દ્રને લઈ ગહેરા દાગ ફિલ્મ બનાવી જે સફળ રહી હતી. ૧૯૬૫માં તેઓ એક ક્રાઈમ થ્રીલર ફિલ્મ બનાવવા માંગતા હતા, તેઓએ તે માટે સુનિલ દતનો સંપર્ક કર્યો, પણ સુનિલ તે સમયે ખૂબ જ કામમાં હોવાથી ફિલ્મ સ્વીકારી નહીં.




તેઓએ રાજેન્દ્ર કુમારને આ ફિલ્મ માટે વાત કરી, રાજેન્દ્રએ કહ્યું કે ફિલ્મ એક ક્રાઈમ થ્રીલર છે, અને ફિલ્મની સ્ક્રીપ્ટ મુજબ ફિલ્મમાં હીરોને એક પણ ગીત મળે તેમ નથી, અને આ ફિલ્મ મારી ઈમેજથી બહાર છે, તેથી તમે નવા કલાકારને આ કામ આપો. કારણ રાજેન્દ્ર અને બીજા વિવેચકોને આ કહાનીની ફિલ્મ ચાલશે નહીં તેવું લાગતું હતું, તેથી રાજેન્દ્રએ રાલ્હનને ખર્ચ ઓછો કરવા કહ્યું. મીના કુમારીને મુખ્ય અભિનેત્રી રૂપે નક્કી કરવામાં આવ્યા, અને તે સમયે મીના અને ધર્મેન્દ બે ફિલ્મોમાં કામ કરી ચૂકયા હતા, અને મીનાએ રાલ્હનને ધર્મેન્દ્ર માટે સૂચન કર્યુ. અને ફિલ્મ ધર્મેન્દ્રને મળી. ફિલ્મના શૂટિંગ દરમ્યાન ધરમ અને રાલ્હનને મનદુખ થયું, અને ધરમે ફિલ્મ છોડવાની તૈયારી કરી, કારણ રાલ્હન ખૂબ અભિમાની સ્વભાવ ધરાવતા હતા, જે ગરમ ધરમને અનુકૂળના પડયો, પણ રાલ્હનએ માફી માંગી અને મીનાની સમજણથી ફિલ્મ ફરી શરૂ થઈ.

આ ફિલ્મના એક દ્રશ્ય છે, ધરમ ફિલ્મમાં એક ચોર છે, જેનું દુનિયામાં એક ડોગ અને એક અંધ ભિખારણ જેને તે માતા કહે છે, તે બે જ છે, એક દિવસ તે શરાબના નશામાં મોડી રાતે ઘર તરફ આવે છે, અને દ્રશ્ય એવું છે કે, તેની માતા ઠંડીમાં કંપી રહી છે, ધરમે અહી રાલ્હનને કહ્યું કે હું શર્ટ ઉતારી તેને ઓઢાડી આપું તો દ્રશ્ય વધુ ભાવનાત્મક રહશે. રાલ્હન એગ્રી થયા અને ધરમ તેની માતાને શર્ટ ઓઢાડી તેના ઘરમાં જાય છે, ત્યાં તેણે એક યુવા વિધવા મહિલા મીનાને આશરો આપેલ છે, મીના જાગતી હોય છે, અને ધરમ શર્ટ વગર તેના તરફ આવે છે, મીનાને તેની આબરૂ જવાનો ડર લાગે છે, પણ પથ્થર દિલ ધરમ અહી મીનાને ધાબળ ો ઓઢાડી એક નારીનું સન્માન કરે છે, તે બહાર સૂઈ જાય છે, તેનું કદાવર શરીર સીસમ જેવુ દેખાય છે, આ દ્રશ્ય દર્શકોને ખૂબ પસંદ પડયું, અને ધર્મેન્દ્રનું નવું નામ હી મેન મળ્યું. આ ફિલ્મ વર્ષની પ્રથમ નંબરની સફળ ફિલ્મ

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬


બની. દેશ અને વિદેશમાં પણ આ ફિલ્મ ખૂબ જ ચાલી. રાજ કપૂર બાદ ધર્મેન્દ્ર રશિયામાં લોકપ્રિય કલાકાર બની ગયા. ફિલ્મનું બજેટ ૫૫ લાખ અને ભારતમાં ૨.૭૫ કરોડ અને વર્લ્ડ વાઈસ ૭.૫૦ કરોડનો નફો થયો. એક દ્રશ્યમાં ધરમ આગની લપેટમાં આવી ગયા હતા, અને કેહવાય છે કે, મીના કુમારીએ તેમની સંભાળ લીધી હતી. મીના અને ધરમની જોડી લોકપ્રિય થતી જતી હતી. અને સાથે બન્ને વચ્ચેના પ્રણયની વાતો પણ ચર્ચા સ્પદ રહી હતી, પણ ધરમે આ બાબત ખુલાશો કરેલ કે તેઓ મીના કુમારીને એક સન્માનની નજરે જોતાં હતા. ફિલ્મના એક ગીતના દ્રશ્ય જે શશિકલા અને ધરમ પર ચિત્રિત હતું, જેના શબ્દો છે, શિસે સે પી .. માં ધરમના સ્ટેપ યોગ્ય થતાં ના હતા. ફિલ્મના કોરિયો ગ્રાફર સોહન લાલના ભાઈ હીરા લાલ તે સમયે ધરમને ટોકયા કરતાં હતા, અને ધરમ ગરમ થઈ ગયા અને હીરા લાલને માર માર્યો હતો. ધરમ બહારથી ઠંડા પણ અંદરથી ગરમ હતા.

તે સમયે ધર્મેન્દ્રની ઈમેજ શરમાળ અને સામાજિક નાયકની હતી, પણ આ ફિલ્મ બાદ ધર્મેન્દ્રની ઈમેજ બદલાઈ ગઈ, અને હિન્દી સિનેમાને એક હી મેન, એક ગુસ્સા વાળા, અને જુસ્સા વાળા નાયક મળ્યા. ફિલ્મમાં મીના કુમારીનો અભિનય ઉચ્ચ કક્ષાનો રહ્યો, ઘાયલ ધરમને જોઈને તેની મુખાકૃતિ, રાલ્હનને સમજાવતા કે ચોરી ના કરવી જોઈએ અને કહ્યું, ધરમ ને તે દ્રશ્ય, અને અંતમાં તેના સાસુ સસરા અને દેરની કોર્ટ સમક્ષ સત્ય કહેવું કે, પુત્રવધૂ એક દીકરી સમાન હોય છે, ભાભી માતા સમાન હોય છે, પણ તેના ઘરમાં તે સલામત ના હતા, અને એક ચોર, બદમાશ વ્યકિતના સાનિધ્યમાં તે પવિત્ર રહ્યા, જો દુનિયામાં આવા ખરાબ લોકો હોય તો સમાજમાં બધા જ ખરાબ થઈ જાય તેમાં જ નારીની સલામતી છે. આવા દ્રશ્ય દર્શકોને ભાવવીભોર કરવા મજબૂર કરે છે. ધર્મેન્દ્ર આ ફિલ્મથી એક લડાયક નાયકની સાથે એક અભિનેતા રૂપે પણ આ ફિલ્મથી બહાર આવ્યા હતા.

ફિલ્મનું નિર્દેશન અને નિર્માણ, કહાની આપી રાલ્હનની, સંવાદ અખતર ઉલ ઈમાનના, ગીત




શકીલ બદયુની, સંગીત રવિ, અને ફિલ્મમાં ધર્મેન્દ્ર, મીના કુમારી, લલિતા પવાર, જીવન, ઈફતેખાર, શ્યામ કુમાર, સુંદર, ટૂન ટૂન, રામ મોહન, લીલા ચિટનીસ, બેબી ફરિદા, સપરૂં, ઈન્દિરા, શશિકલા, મદન પૂરી અને આપી રાલ્હનની ભૂમિકા હતી. ફિલ્મની કહાની ટૂંકમાં જોઈએ તો, ધરમ બચપણથી અનાથ છે, તે બચપણથી ભૂખ મિટાવવા ચોર બની જાય છે, યુવા થતાં તે મદન માટે કામ કરે છે, શશિકલા પણ ત્યાં એક ડાન્સરનું કામ કરે છે, અને ધરમને ચાહે છે, ધરમ જેને જીવનમાં પ્રેમ મળ્યો જ નથી તેના માટે શશિકલાના પ્રેમની કોઈ કિમત નથી. એક દિવસ મદન તેને એક ગામમાં જીવનને ત્યાં ચોરી માટે મોકલે છે, તે ગામ પહોચે છે, ત્યાં પ્લેગની બીમારી ફેલાય જાય છે, લોકો ગામ ખાલી કરી જતાં રહે છે, ધરમ માટે આ સોનાનો મોકો હતો. તે જીવનના ઘરમાં બે ફિકર થઈ જાય છે, પણ તેને કોઈ રકમ મળતી નથી. મળે છે, એક વિધવા મહિલા, જે જીવનની પુત્રવધૂ છે, અને જીવન અને તેના ઘરના લોકો તેને પ્લેગમાં મરવા મૂકી જતાં રહ્યા છે. ધરમ જેને દયા જેવો કે પ્રેમ જેવો ભાવ કયારેય આવ્યો નથી તે મીનાની સેવા કરે છે. મીના સ્વસ્થ બને છે, ત્યાં જીવન અને તેનો પરિવાર ત્યાં આવે છે, મીનાને જીવિત જોઈ અને ઘરમાં કોઈ પુરૂષ આવેલ હોય તે જાણ્યા બાદ મીનાને ત્રાસ આપે છે, તેનો દેર તેના પર ખરાબ દ્રસટી કરે છે, પણ ધરમ ત્યાં પહોચી મીનાને તેના ઘર લઈ આવે છે. ધરમના પાડોશી આને ધરમ પસંદ નથી, એક અંધ ભિખારણ જેને તે માતા કહે છે, અને એક ડોગ સિવાય તેનું કોઈ નથી. તે પાડોશી આ મીના અને ધરમને સાથે રહેતાં જોઈ નારાજ થાય છે. બીજી તરફ મીનાના કાકા તેની વસિયતમાં તેનું ધન મીનાના નામે કરે છે, તેનો વકીલ જીવન પાસે જાય છે, જીવન તેને મીના જાત્રા કરવા ગઈ છે. તેમ કહે છે. અને મીનાના ગુમ થવાની ફરિયાદ પોલીસમાં કરે છે.

ધરમની ચોરની પ્રવૃતિ મીનાને પસંદ નથી, તે બાબત તે નારાજ છે, એક દિવસ ધરમ મીનાને નારાજ કરી જીવનની અંતિમ મોટી ચોરી કરવા નક્કી કરે છે, કારણ બન્ને સાથે રહી એકબીજાને પસંદ કરવા લાગ્યા છે, પણ કોઈ એકબીજાને કહતુ નથી, પણ બન્ને એકબીજા પર વિશ્વાસ અને લાગણીનું વાતાવરણ ઊભું કરેલ છે. મીના ધરમની ચોરી કરવા જવા બાબત નારાજ થાય છે. તેથી ધરમ જતો નથી, પણ તેની પાડોશમાં આગ લાગે છે, અને તે જીવના જોખમે એક બાળકીને બચાવી લે છે, ધરમ આગમાં ઘાયલ થઈ જાય છે, તેના જીવવાની શકયતા ઓછી છે, પણ મીનાના પ્રેમ અને ભકિતથી તેને જીવન દાન મળે છે. હવે ધરમ ઈમાનદારીથી જીવન જીવવાનું નક્કી કરે છે, પણ શશિકલા જે ધરમ વગર રહી શકે તેમ નથી તે અને મદન ધરમ અને મીનાને અલગ કરવા શ્યામને સોપારી આપે છે, પણ શ્યામ ધરમ સામે હારી જાય છે, મને ધરમ મીનાને છોડાવવા મદનના અડ્ડે પહોચી જાય છે, જેમાં ધરમનો જીવ બચાવવા શશિકલા તેનો જીવ આપી દે છે, મદન પોલીસની ગોળીથી માર્યો જાય છે, પણ પોલીસ ધરમને મીનાના અપહરણ બાબત બંધી બનાવે છે, પણ મીના કોર્ટમાં તેના સસરા, સાસુ અને દેરની એક પુત્રવધૂ અને ભાભીની અપમાન જનક બાબતનો ખુલાશો કરે છે. અને કોર્ટ ધરમને નિર્દોષ સાબિત કરે છે. મીના અને ધરમ ઈમાનદારીનું જીવન જીવવાના રસ્તા પર ચાલે છે.

ફિલ્મની ગીત અને નિર્દેશનની બીજી વાતો અને ૧૯૬૬ ફિલ્મ ફેર એવાર્ડ અને શ્રદ્ધાંજલી બાદ આપણે આગામી અંકમાં ફિલ્મી સફરના ૧૯૬૭ના વર્ષમાં પ્રવેશ કરીશું. આભાર હિતેશ જોશી.૧૨–૭–૨૬

# ॥ બલિયસિ કેવલ ઈશ્વરેચ્છા ॥

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


પુસ્તક વાંચન માટે પસંદગી સૌની અલગ અલગ હોય છે સાહસ, શોર્ય, રોમાંચક અને ભેદભરમ વાળ સાહિત્ય ખૂબ લખાયુ છે લેખકો વાંચકોની માંગણી પ્રમાણે લખતા હતા. અત્રે મારા આ લઘુલેખોનો હેતુ શાંતિ, સમાધાન સાર્થક જીવન માટેનો સંદેશ બને તેવો છે. આ લખાણ કોઈ ઉપદેશ કે સલાહ આપવાનો હેતુ નથી અવકાશના સમયમાં કોઈ મિત્ર કે સત્સંગની શોધ કરતા હોઈએ ત્યારે આ લઘુલેખ કંઈક મિત્રની ગરજ સારે તો મેં કરેલો પ્રયત્ન સાર્થક ગણાશે. પ્રાથમિક શાળામાં ‘‘અંકલટોમ કેબીન’’ વાર્તા વાંચી હતી અને આ વાર્તાએ ગુલામી નાબુદ કરવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. લાફીંગમેન ચાર્લ્સ ડીકન્સની કથાએ બાળકોની તસ્કરી ઉપર કાયદો ઘડવા પ્રેર્યા હતા. જીનવાલજીન અને બીજા ઘણા પુસ્તકોએ માનવજાતને પ્રેરણા આપી છે આપણા દેશમાં આ કરતા શ્રેષ્ઠ સાહિત્યે વિશ્વને માનવતા બંધુતા વિશ્વ કલ્યાણના પાઠો શીખવ્યા છે રામાયણ–મહાભારત ગીતા વગેરે મારે તો આ લેખમાં સ્પષ્ટતા કરવી છે કે તમારૂ લખાણ તમને સંતોષ મળે સંતોષ આપે તો પણ પૂરતુ છે.

ઓસ્ટ્રીયાનાં સાહિત્ય સર્જકે લખ્યુ છે કે આપણે એવા પુસ્તકો વાંચવા જોઈએ જે આપણે વીંધી નાખે, ઘાયલ કરે આપણે હદયને ફટકો મારે અને આપણને જાગૃત કરે આપણી ઉપર આપણા મન ઉપર ઉથલપાથલ કરીને કોઈ માર્ગ લેવા પ્રેરે આપણને વેદનામાંથી બહાર કાઢે આપણી લાગણી જે જડ થઈ ગઈ છે. તેને પીગળાવે તો મારે એ કહેવુ છે કે રામાયણ વાંચતા કોણ રડયુ નહીં હોય ? કુંવરબાઈનું આખ્યાન, નળાખ્યાન વગેરે આવા સુંદર સાહિત્યે આપણામાં સંસ્કૃતિ આપણી માનવતાને અકબંધ રાખી છે. જો કુરતા હિંસા અને મારામારીમાં જો સાચુ સાહિત્યે ગણાય નહિ અને વાંચી મન દુ:ખી થાય તેવું કશુંય લખવુ ન હતુ નહિ તો હમણાં ટોલ્સ્ટોયની કથામાં જીવનનો નિષ્કર્ષ લખ્યો તેમાં દિલ થંભી જાય તેવા કેટલાક પ્રસંગો ઘટના બની છે પોતે લશ્કરમાં હતા એટલે ટોલ્સ્ટોય લડાઈ લડયા છે તરફડતા ચિત્કાર પાડતા સિપાઈઓને મરતા જોયા છે. પરંતુ માણસ રાક્ષસી સ્વભાવમાંથી બહાર આવી માનવ બને ત્યારે જ પરિવર્તન આવે છે. જર્મનીમાં ગયા ત્યારે એક અપરાધીને ગીલોટીનની સજા નજરે જોઈ ત્યારે ખુદ હતપ્રતી.

વળી આ દશ્ય જોવા જાહેર જનતાને આમંત્રણ અપાતું એટલે ટોલ્સ્ટોય જોવા ગયા એક ખૂબ વજનદાર ધારદાર અસ્ત્રા જેવુ લાંબુ હથીયાર ૧૦–૧૫ ફુટ ઉંચે લટકાવે. નીચે ગુનેગારના હાત પગ બાંધી દેવામાં આવે મોં ખુલ્લુ રાખે અને પછી ધડામ કરીને કાંસીગર આ ગિલોટીન અપરાધીના ગળા ઉપર બરાબર નિશાન લઈને એવી પાડે કે કપાયેલું ડોકુ ઉછળીને દૂર રાખેલા વાસણમાં પડે લોહીનાં ફુવારા છુટે માણસો આ દશ્ય જુએ ટોલ્સ્ટોયે લખ્યુ છે કે આવા દશ્ય જોવા સંસ્કારી કુટુંબોનાં માણસો પણ આવે એ કેટલું ખરાબ કહેવાય ? ટોલ્સ્ટોયે આ દશ્ય જોયા પછી તુર્તજ જર્મની છોડીને જતા રહ્યા દુનિયામાં હિંસા, ક્રૂરતા દમન શોષણનો પાર નથી અખબારમાં રોજ આત્મહત્યા, અકસ્માતો બને છે પરંતુ આ ઉપરથી સાહિત્યનું સર્જન કરી શકાય નહિ હું તો એવું માનુ છુ કે ચારેબાજુ અશાંત મન લઈ ફરતા માણસો સારા વિચારો જાણે અને ઘડીક શીતળ છાંયડે બેઠા હોય તેવું લાગે, નવું જાણે, નવું વાચવા પ્રેરાય સાહિત્યનાં વાંચનને લીધે જે નિષ્કર્ષ સૂઝયો તે લખ્યુ છે તેમાં લેખક હોવાનો, સાહિત્યકાર હોવાનો, કે બનવાનો હેતુ નથી કે ગમતુ મળ્યુ છે તેનો ગુલામ કર્યો છે ચારે બાજુના અનુભવ અને જોતા લાગે છે કે વાંચન માટે અભિરૂચી ઘટી ગઈ છે કોઈ વાંચતુ નથી પુસ્તકો કોઈ ખરીદતુ નથી ભેટ આપો તો પણ કોઈ વાંચતુ નથી મોબાઈલમાં હવે સાહિત્ય સસ્તામાં મળે છે પરંતુ સંસ્કાર ઘડતરનું કાર્ય, ઉત્તમ આદર્શ સાહિત્ય જ કરી શકે છે તે વાત સૌએ સ્વીકારવી પડશે. સારી, સંસ્કારી વાર્તાઓ જીવન સમાજ બદલી શકે છે. આજે સ્વાર્થી વૃતિ કેવી છે ? ગાય દૂધ આપે ત્યાં સુધી રાખે અને પછી છોડી દેવાની ? આખરે આ લેખના અંતે શું કહેવાનું છે ? એમ જો કોઈ પૂછે તો એટલું જ માત્ર કે સૌ પોતાને મળેલા સ્વભાવ પ્રમાણે અનુસરે છે. વાંચવાથી હદય, મન પરિવર્તન પામે પરંતુ તે માટે તત્પરતા જોઈએ બાકી ચિંતાથી કેમ દુર રહેવુ ? એ પુસ્તક વાંચવાથી ચિંતા દુર થતી નથી આ અંગે આપણા શાસ્ત્રો સમજાવે છે કે સુખદુ:ખ મનને કારણે અનુભવાય છે. ખરાબ દિવસો પણ જતા રહે છે આપણા કરતા બીજા નબળા માણસોનો વિચાર કરવો. ભગવાન રામે પણ વસિષ્ઠ ઋષિને ચિંતા દૂર કરવા માટે ઉપદેશ આપવા કહ્યું હતું. યુધિષ્ઠિરને ધૌકય ઋષિએ કહ્યુ કે તમે નળરાજાનું દુ:ખ જાણ્યું છે ? બધી ચિંતાઓ પ્રભુના ચરણે ધરી દેવી વગેરે વગેરે આપણું જ્ઞાન તો પોપટીયુ જ્ઞાન છે બિલાડી આવે ત્યારે ઉડી જવુ પણ ઉડતા નથી. **(અપૂર્ણ)**

# મનમાં મોહ–વાસના કે અહંકાર આવી જાય તો નાશનું કારણ બને છે.

માર્કંડેય પુરાણમાં એક બોધકથા છે કે રામ–લક્ષ્મણ એક જંગલમાંથી જતાં હતા. એક જગ્યાએ લક્ષ્મણજીની બુદ્ધિ બગડી છે અને વિચારે છે કે કૈકેયીએ રામને વનવાસ આપેલો છે મને નહિ..! મારે રામની સેવા કરવાની શી જરૂર છે ? મનમાં રામ–સીતાજી પ્રત્યે કુભાવ આવ્યો છે. રામજીને ખબર પડી એટલે લક્ષ્મણને કહ્યું કે લક્ષ્મણ ! આ જગ્યાની માટી લઇ લે સરસ લાગે છે, તેથી લક્ષ્મણજીએ માટીનું પોટલું બાંધ્યું છે, પછી લક્ષ્મણ જયારે આ માટી દૂર મૂકે ત્યારે તેમને રામ–સીતામાં ઈશ્વરના દર્શન થાય છે પણ જેવી પોટલી ઉંચકે એટલે કુભાવ આવે છે, લક્ષ્મણને આશ્ચર્ય થયું કે આમ કેમ થાય છે ? તેમણે રામજીને આનું કારણ પૂછયું ત્યારે ભગવાન રામે કહ્યું કે લક્ષ્મણ આમાં તારો દોષ નથી આ માટી તેનું કારણ છે. જે ભૂમિમાં જેવાં કામ થાય છે તેના પરમાણુઓ તે ભૂમિમાં અને તે ભૂમિના વાતાવરણમાં રહે છે. આ માટી જે જગાની છે તે જગામાં સુંદ–ઉપસુંદ નામના બે રાક્ષસો રહેતા હતા.

સુંદ–ઉપસુંદ એ મહાભારતના આદિપર્વમાં વર્ણવેલા બે અત્યંત શકિતશાળી અસુર ભાઈઓ હતા. તેઓ હિરણ્યકશિપુના વંશજ અને નિકુંભના પુત્રો હતા. આ બંને ભાઈઓ વચ્ચે એટલો ગાઢ પ્રેમ અને સંપ હતો કે તેઓ હંમેશાં સાથે જ રહેતા, સાથે જ જમતા અને સાથે જ ઊંઘતા હતા.

ત્રણેય લોક પર વિજય મેળવવાની ઈચ્છા સાથે બંને ભાઈઓએ વિંધ્યાચલ પર્વત પર ઘોર તપશ્ચર્યા શરૂ કરી, તેમની ભકિતથી પ્રસન્ન થઈને બ્રહ્માજી પ્રગટ થયા અને વરદાન માંગવા કહ્યું. તેઓએ બ્રહ્મા પાસે વરદાન માગ્યું કે અમે અમર થઈ જઈએ તેવું વરદાન આપો. બ્રહ્માજી કહે છે કે તમારી માગણીમાં કંઈક અપવાદ રાખો. જેનો જન્મ થયો છે તેનું મૃત્યુ અવશ્ય થાય છે. બંને ભાઈઓ વચ્ચે અતિશય ગાઢ પ્રેમ હતો તેથી તેઓએ કહ્યું કે અમે બે ભાઈઓ જયારે ઝઘડીએ ત્યારે અમારા એકબીજાના હાથે જ અમારૂં મરણ થાય, અન્ય કોઈ દેવ, દાનવ, મનુષ્ય કે શસ્ત્ર અમને મારી ન શકે. સુંદ–ઉપસુંદે વિચારેલું કે અમે બે ભાઈઓ વચ્ચે કદી ઝગડો થવાનો નથી એટલે અમે કોઈ દિવસ મરવાના નથી, અમે અમર બન્યા છીએ. બ્રહ્માજીએ ‘તથાસ્તુ’ કહી વરદાન આપી દીધું.

વરદાન મળતા જ બંને ભાઈઓ અહંકારી બની ગયા, તેમણે સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ ત્રણેય લોક પર આતંક મચાવ્યો. ઋષિ–મુનિઓના યજ્ઞો નષ્ટ કર્યા અને દેવતાઓને હરાવીને સ્વર્ગમાંથી હાંકી કાઢયા, તેમના અત્યાચારથી પરેશાન થઈને બધા દેવો ફરીથી બ્રહ્માજીના શરણમાં ગયા. બંને ભાઈઓનો અંત લાવવા માટે બ્રહ્માજીએ વિશ્વકર્મા પાસે સંસારની બધી જ સુંદર વસ્તુઓમાંથી તિલ–તિલ (થોડો–થોડો) ભાગ લઈને એક અત્યંત રૂપવાન અપ્સરાનું નિર્માણ કરાવ્યું જેનું નામ તિલોત્તમા રાખવામાં આવ્યું.

તિલોત્તમાને સુંદ અને ઉપસુંદ પાસે મોકલવામાં આવી. જયારે તે બંને ભાઈઓ દારૂના નશામાં ચૂર હતા ત્યારે ત્યાંથી પસાર થતી અદભૂત સુંદરી તિલોત્તમાને જોઈને બંને તેના મોહમાં અંધ બની ગયા. સુંદે તેનો જમણો હાથ પકડયો અને કહ્યું કે આ મારી પત્ની બનશે. ઉપસુંદે તેનો ડાબો હાથ પકડયો અને કહ્યું, ના, આ મારી પત્ની બનશે. તિલોત્તમાને મેળવવાની જીદ અને કામાંધતામાં બંને ભાઈઓ પોતાનો વર્ષો જૂનો પ્રેમ ભૂલી ગયા. તેમની વચ્ચે ભયંકર યુદ્ધ થયું અને ગદાના પ્રહારોથી બંને ભાઈઓએ એકબીજાનો વધ કરી નાખ્યો.

આ બોધકથા આપણને શીખવે છે કે ગમે તેટલી ગાઢ એકતા હોય પરંતુ જો મનમાં અતિશય મોહ, વાસના કે અહંકાર આવી જાય તો ગમે તેવા સગા ભાઈઓ કે મિત્રો પણ એકબીજાના વિનાશનું કારણ બની જાય છે.

મોહનો અર્થ છે વસ્તુના વાસ્તવિક જ્ઞાનનો અભાવ. ધર્મ સબંધી મૂઢતા તેને મોહ કહે છે. મોહ બે પ્રકારનો હોય છે. પરમાત્માની તરફ ન લાગીને સંસારમાં જ લાગી જવું અને પરમાત્માને સારી રીતે ન જાણવા. મોહ અમારી આંખોની સામે એવું આવરણ લાવી દે છે કે જેના કારણે અમે વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોઇ શકતા નથી. આ મોહ માયાની મુખ્ય શક્તિ છે. આ મોહના મૂળમાં અજ્ઞાન છે. બધા જ રોગોનું મૂળ એક માત્ર મોહ–અજ્ઞાન જ છે. સમગ્ર સંસાર મોહરાત્રિમાં દેખાતું એક સ્વપ્ન છે. આ સ્વપ્ન જીવ જોઈ રહ્યો છે. જે જ્ઞાનની આંખથી સત્યના વાસ્તવિક સ્વરૂપને જોઇ શકે છે તે મોહમાં પડતા નથી. મોહના કારણે જ સંસાર સત્ય લાગે છે અને નિરાકાર બ્રહ્મનો અનુભવ થતો નથી.

મનુષ્યછ જયારે સદગુરૂ કૃપાથી પ્રભુનાં દર્શન કરી લે છે તો સદૈવ ઈશ્વરનાં દિદાર કરતાં કરતાં આ જીવનમાં આનંદ પ્રાપ્તે કરતાં કરતાં અંતમાં મૃત્યુ બાદ મુક્ થઈ જાય છે.ઈશ્વરનાં દર્શન કરવાથી અજ્ઞાનતા નષ્ટ થઈ જાય છે. તેને જ્ઞાન થઈ જાય છે કે હું તો નિમિત્તમાત્ર છું ત્યારે તેનો મોહ સમાપ્ત થઈ જાય છે તેના ભ્રમ નષ્ટ થઈ




શ્રી વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા.શહેરા.જિ.પંચમહાલ મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫


જાય છે અને સંદેહ દુર થઈ જાય છે. તે પ્રભુને સમર્પિત થઈ પ્રભુ આજ્ઞા અનુસાર કર્મ કરે છે. (અવતારવાણી–૩૨૧)

અંત:કરણમાં જે અનેક સુક્ષ્મ કામનાઓ દબાયેલી રહે છે તેને વાસના કહે છે. ઈચ્છાઓનો સબંધ અનેક વાસનાઓની સાથે છે. આ વાસનાઓ જ કર્મનું મૂળ છે. અનેક જન્મોની અધૂરી રહેલી સંસારની મિથ્યા વાસનાઓ લાંબા સમયના અભ્યાસ વિના ક્ષીણ થતી નથી અને જયાં સુધી વાસનાઓ છે ત્યાં સુધી કર્મ ચાલુ રહે છે. કર્મોને સમાપ્ત કરવાં હોય તો વાસનાને મારવી પડે છે. જયાં પાવિત્ર્ય છે ત્યાં વાસના ઉભી થતી નથી. હંમેશાં ભોગમાં સૌદર્યનો નાશ થાય છે અને ભક્તિમાં સૌદર્યનું સાતત્ય છે. એકાદ સુંદર યુવતિ રસ્તા ઉપરથી જતી હોય તો તેને જોઈને કૂતરાને વાસના થતી નથી, તેવી જ રીતે સુંદર સ્ત્રીને જોઈને બાળકને કે વૃધ્ધના મનમાં પણ વાસના નિર્માણ થતી નથી, એનો અર્થ એ છે કે વસ્તુમાં વાસના નથી, જોનારની દ્રષ્ટિથી વાસના નિર્માણ થાય છે.

પરમાનંદ સ્વરૂપ પરમાત્મામાં મન સ્થિર થઈ જાય છે તો ત્યાર પછી ધીરે ધીરે વાસનાઓની ધૂળ ધોવાઈ જાય છે.જેમ ઈંધન વિના અગ્નિ શાંત પડી જાય છે તેમ સત્વગુણની વૃધ્ધિ વૃધ્ધિ થવાથી રજોગુણ અને તમો ગુણી વૃત્તિઓનો ત્યાગ થવાથી મન શાંત બની જાય છે. મનુષ્ય શરીરથી ચડીયાતું અન્ય કોઈ શરીર નથી. આવો દેવદુર્લભ દેહ મળ્યા પછી પણ જે વાસનાના કાદવમાં રગદોળાયા કરે છે તેને માત્ર દેહ જ મળ્યો છે–એમ માનવું જોઈએ.

અતપ્ત વાસનાઓ એ પુન:જન્મનું કારણ છે. મૃત્યુથી ભૌતિક શરીર નાશ પામે છે પરંતુ સુક્ષ્મન સંસ્કારો ટકી રહે છે, એ સંસ્કારો જ પુન:જન્મનું કારણ બને છે. સુક્ષ્મત શરીર અકબંધ રહે છે. જીવ પ્રારબ્ધ કર્મ અનુસાર સુક્ષ્મ શરીર દ્વારા નવો જન્મ પામે છે. કામના અને કામવાસના ખરાબ નથી તેનો અતિરેક ભયંકર છે. સંસાર બંધનથી મુક્તિ ઈચ્છનારાઓએ તમામ વાસનાઓ ત્યજી દેવી જોઈએ કારણ કે વાસનાથી જે મુક્ત છે તે જ સાચા અર્થમાં મુક્ત છે. જયાં સુધી સંસારની વાસના છે ત્યાં સુધી મુક્તિ મળતી નથી. આ સંસાર જ તમામ વાસનાઓનું મૂળ છે. વાસના વિષયોની વૃદ્ધિ કરે છે.આ સંસારમાં રહેવાથી ક્રિયામાં પડાય છે.. ક્રિયાથી ચિંતન થાય છે અને ચિન્તનથી વાસના પ્રબળ થાય છે.

અંતકાળમાં મનુષ્યનું જેવું ચિંતન હશે તેવી જ યોનિ તેને પ્રાપ્ત થશે. જે મનુષ્યની જેમાં વાસના રહે છે તે વાસના મુજબ જ તે સ્વપ્ન જુવે છે અને તેના સ્વપ્ન જેવું જ મરણ હોય છે એટલે કે વાસનાને અનુરૂપ જ અંત સમયે ચિંતન થાય છે અને તે ચિંતન અનુસાર જ મનુષ્યની ગતિ થાય છે. આનો અર્થ એ થયો કે મૃત્યુ સમયે આપણે જેવું ઈચ્છીએ તેવું ચિંતન કરી શકતા નથી પરંતુ આપણી અંદર જેવી વાસના હશે તેવું જ ચિંતન આપમેળે થશે અને તે પ્રમાણે ગતિ થશે. જે વસ્તુને આપણે સત્તા અને મહત્તા આપીએ છીએ તેની સાથે સબંધ જોડીએ છીએ તેનાથી સુખ લઇએ છીએ તેની જ વાસના બને છે. જો સંસારમાં સુખ બુધ્ધિ નહી હોય તો સંસારમાં વાસના થશે નહી અને વાસનાના અભાવમાં મૃત્યુના સમયે જે ચિંતન થશે તે ભગવાનનું જ થશે કેમકે સિધ્ધાંત પ્રમાણે સર્વ કાંઇ ભગવાન જ છે.મનુષ્યની મિશ્ર વાસના છે. હું સુખ ભોગવીશ અને વધે તો બીજાને આપીશ તે મિશ્ર વાસના. સંતની સદવાસના છે. જાતે દુ:ખ ભોગવી બીજાને સુખ આપવું તે સદવાસના. રાક્ષસોની અસદવાસના છે. કોઈ કારણ વગર બીજાને દુ:ખ – ત્રાસ આપવો તે અસદવાસના. વાસનાના વિનાશ કરવા માટે ચાર ઉપાયો બતાવ્યા છે. સતત હરિસ્મરણ–હૃદયમાં હંમેશાં રામ હોય ત્યાં કામ–વાસના આવી શકે નહિ, પોતાની પાસે જે ધન–મિલકત વગેરે જે બધું જ છે તે ઈશ્વરનું છે તેમ માનો–જીવ લક્ષ્મીનો માલિક થઇ શકે નહિ, લક્ષ્મીનો માલિક એક માત્ર ઈશ્વર છે. જીવ એ લક્ષ્મીનો દીકરો છે. બાળક થવામાં જે મજા છે તે ધણી થવામાં નથી અને વિપત્તિમાં પણ પોતાના વચનનું પાલન કરો.

જીવનું મુક્તિ માર્ગનું મોટામાં મોટું વિઘ્ન અહંકાર છે. જે વિશાળ પ્રભુનાં દર્શન કરીને દૂર થાય છે. આપણા અહંકારનું કારણ જીવભાવ છે,જે પ્રભુદર્શનથી દૂર થાય છે. જીવભાવ દૂર થતાં જ તમામ દુ:ખ દુર થાય છે. તન,મન અને ધનમાં પોતાપણાનો ત્યાગ નિશ્ચિંતરૂપથી અહંકાર ઓછો કરી વિનમ્રતામાં વૃધ્ધિ કરે છે જેનાથી જિજ્ઞાસુ બ્રહ્મજ્ઞાનનો અધિકારી બને છે. જગતમાં જે કંઇ છે તે સર્વ પ્રભુ પરમાત્માનું જ છે એટલે તેમની આજ્ઞાથી તેનો ઉપભોગ કરવો અને કોઇના પણ ધન ઉપર લલચાવવું નહી. હરિ મિલન રૂપી મુક્તિ તો અહંકારનો ત્યાગ કરવાથી જ મળે છે. જયાં સુધી મનુષ્યમાં અહંકારની હાજરી છે ત્યાં સુધી સદગુરૂ દ્વારા પ્રદત્ત તત્વજ્ઞાન તેનામાં ઉતરતું નથી. સદગુરૂ પ્રદત્ત જ્ઞાનને માનવાથી, જીવનમાં ઉતારવાથી જ અહંકારમાંથી મુક્તિ મળે છે. જેનામાં અભિમાન છે, અહંકાર છે તેને મહાન માનવામાં આવતા નથી, મહાન તે છે કે જેનામાં દાસ ભાવના છે, વિનમ્રતા છે, જેના હૃદયમાં મિઠાસ છે, જેને શુદ્ધ વ્યવહાર કર્યો છે. અમે જયારે સંતોના ચરણોમાં નમસ્કાર કરીએ તે સમયે જો અમારૂં અંત:કરણ વિરોધ કરે તો સમજી લેવું જોઈએ કે આ વાસ્તવમાં અહંકાર જ છે જે અમોને રોકી રહ્યો છે કારણ કે અહંકાર નમવાનું નહી પરંતુ અક્કડ રહેવાનું જાણે છે. અમારા હૃદયમાં આવી ભાવના હોય તો તેને દૂર કરવી જોઈએ. અહંકારના આવે તેના માટે નિરંતર સંતોના ચરણોમાં ઝુકતા રહેવું જોઈએ. ભગવાનની આઠમી પ્રકૃતિ અહંકાર એટલે પોતાના અસ્તિત્વનું સતત ભાન રહેવું. અહીં અહંકાર શબ્દ ’ઘમંડ’ અર્થમાં નથી. પ્રત્યેક વ્યક્તિને પોતાના હોવા પણાનું જ્ઞાનભાન રહેતું હોય છે તે અહંકાર છે. આ આઠ પ્રકારની પ્રકૃતિઓમાંથી પૂરાં બ્રહ્માંડોની ઉત્પત્તિ થતી હોવાથી તેને પ્રકૃતિ કહી છે. જીવનું મુક્તિમાર્ગનું મોટામાં મોટું વિઘ્ન અહંકાર છે, જે વિશાળ પ્રભુનાં દર્શન કરીને દૂર થાય છે. આપણા અહંકારનું કારણ જીવભાવ છે જે પ્રભુદર્શનથી દૂર થાય છે. જીવભાવ દૂર થતાં જ તમામ દુ:ખ દુર થાય છે. જેનામાં અભિમાન છે, અહંકાર છે તેને મહાન માનવામાં આવતા નથી. મહાન તે છે કે જેનામાં દાસ ભાવના છે,વિનમ્રતા છે, જેના હૃદયમાં મિઠાસ છે, જેને શુધ્ધ વ્યવહાર કર્યો છે.

# બાબરામાં ખોડલધામના ચેરમેન નરેશભાઇ પટેલના જન્મદિવસ પર રકતદાન કેમ્પ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મ દિવસ નિમિત્તે બાબરા શહેર અને તાલુકા ખોડલધામ સમિતિના સયુંકત ઉપક્રમે મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પટેલ સમાજ સહિત દરેક સમાજના લોકો તેમજ વી.એલ. ગેલાણી વિદ્યાલયના સ્ટાફ તેમજ સ્થાનિક યુવક મંડળ અન્ય સેવાકીય સંસ્થાઓ અને અગ્રણીઓ દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં માજી ધારાસભ્ય બાવકુભાઈ ઉધાડ, જિલ્લા ભાજપના અગ્રણી મહેશભાઈ ભાયાણી, ડો કેયુર કોટડીયા, બીપીનભાઈ રાદડિયા, નગરપાલિકા પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ કરકર, પ્રમુખ રમેશભાઈ પરવાડિયા, ઉપ પ્રમુખ યગ્નેશભાઈ શુકલ, કારોબારી સમિતિની ચેરમેન ભરતભાઈ રંગપરા, નગરપાલિકા સભ્ય નીલેશભાઈ શીયાણી, જિલ્લા યુવા ભાજપના પૂર્વ પ્રમુખ જગદીશભાઈ નાકરાણી, વી.એલ. ગેલાણી વિદ્યાલયના પ્રમુખ કાળુભાઈ ગેલાણી, લોહાણા સમાજના પ્રમુખ તેજાભાઈ કારીયા, વેલનાથ પ્રગતિ મંડળના અગ્રણી સુરેશભાઈ ધાખડા, ખોડલભાઈ મકવાણા, મુકેશભાઈ પીપવળા, દિનેશભાઈ ડાભી, શહેર ભાજપ અગ્રણી કિશનભાઈ શેલિયા, જિલ્લા યુવા ભાજપના ઉપ પ્રમુખ રણમલભાઈ કોઠીવાળ, આરએસએસ અગ્રણી ભરતભાઈ રાદડિયા, મગનભાઈ કોઠીયા, અશોકભાઈ રાખોળીયા, મનસુખભાઈ પાંભર, ભાવેશબાઈ કાસોદરિયા, નગરપાલિકા સભ્ય મયુરભાઈ રાવલ, ચન્દ્રકાંત દેસાઈ, વાંડળીયા ગ્રામ પંચાયત સરપંચ લલિતભાઈ વેકરિયા, વેપારી અગ્રણી અનિભાઈ ટાઢાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહી રકતદાન કરી કાર્યક્રમને પ્રોત્સાહન પૂરૂં પાડયું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બાબરા શહેર ખોડલધામ સમિતિના પ્રમુખ ધર્મેશ વાવડીયા તેમજ તાલુકા ખોડલધામ સમિતિના પ્રમુખ શંભુલાલ પાંચાણીના માર્ગદર્શન હેઠળ સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

## જૈન બોર્ડિંગથી નેસડી રોડ તરફ જતાં વિસ્તારમાં

# લ્યો બોલો : સાવરકુંડલામાં ધોળે દિવસે સ્ટ્રીટલાઈટ શરૂ : વીજળીનો બગાડ

### પાલિકાનાં પદાધિકારીઓ યોગ્ય કરે તેવી માંગ



સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા શહેરમાં નગરપાલિકાના સંકલનના અભાવે ઉર્જાના બેફામ બગાડનો એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરમાં છેલ્લા બે દિવસથી જૈન બોર્ડિંગ વાળા રોડથી આગળ નેસડી રોડ તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલ જૈન જ્ઞાતિવાડી સુધીના રોડ પર જાહેર સ્ટ્રીટ લાઈટો સવારના સાડા આઠ વાગ્યા સુધી ચાલુ જોવા મળી હતી. એક તરફ સૂર્યનારાયણનો પ્રખર પ્રકાશ રેલાઈ રહ્યો હોય અને બીજી તરફ સરકારી ખર્ચે ચાલતી લાઈટો ચાલુ હોય, આ દ્રશ્ય જોઈને સ્થાનિક રાહદારીઓ અને નાગરિકોમાં ભારે આશ્ચર્ય સાથે રોષ વ્યાપી ગયો છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, સાવરકુંડલા નગરપાલિકામાં જયારે નવી બોડીની રચના થઈ હતી, તે સમયે પણ આવી જ બેદરકારી સામે આવી હતી. ભૂતકાળની ભૂલોમાંથી પાઠ ભણવાને બદલે તંત્ર ફરી એકવાર ઘોર નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. ધોળા દિવસે સ્ટ્રીટ લાઈટો ચાલુ રહેવાની આ ઘટનાથી પાલિકાના લાઈટ વિભાગના મેનેજમેન્ટ સામે અનેક સવાલો ઊભા થયા છે.

'છે કોઈ પૂછનાર ? ઉર્જા એ દેશની અમૂલ્ય સંપત્તિ છે અને તેનો આ પ્રકારે બિનજરૂરી વેડફાટ કોઈપણ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં.'

સ્થાનિક નાગરિકોનો આક્રોશ : આજનો યુગ જયારે 'સ્માર્ટ સિટી' અને 'સ્માર્ટ મેનેજમેન્ટ'નો છે, ત્યારે સાવરકુંડલા નગરપાલિકાનું સંલગ્ન તંત્ર સાદા ઓન–ઓફના ટાઈમિંગ જાળવવામાં પણ નિષ્ફળ નીવડયું છે. જો લાઈટ ઓન–ઓફ કરવા માટે યોગ્ય સમયપત્રક ગોઠવવામાં આવે અને જવાબદાર કર્મચારીઓની ફરજ (રિસપોન્સીબીલીટી) નક્કી કરવામાં આવે, તો આવા બગાડને સરળતાથી અટકાવી શકાય તેમ છે.

પાલિકા તંત્ર કયારે જાગશે ? હાલ તો સૂર્યના અજવાળામાં પણ સફેદ બલ્બો બળી રહ્યા છે, જે સીધે સીધો પ્રજાના ટેકસના પૈસાનો ધુમાડો છે. સાવરકુંડલા નગરપાલિકાનું જવાબદાર તંત્ર આ બાબતની ગંભીરતાથી સંજ્ઞાન લે, આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે પ્રતિબદ્ધ બને અને જવાબદારો સામે કડક પગલાં ભરે તેવી લોકમુખે જોરદાર માંગ ઉઠી રહી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૯૫ | ૧૪૦૦ |
| ૨ | શિંગદાણા | ૧૫૦૦ | ૨૪૦૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૬૪૦ | ૧૮૧૫ |
| ૪ | તલ સફેદ | ૧૧૧૫ | ૨૭૪૦ |
| ૫ | તલ કાળા | ૨૦૦૦ | ૩૮૧૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૪૮૦ | ૨૪૬૫ |
| ૭ | બાજરો | ૩૨૦ | ૪૩૦ |
| ૮ | જુવાર | ૧૧૨૫ | ૧૧૪૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૫૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| ૧૧ | મગ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૧૨ | અડદ | ૧૬૬૫ | ૧૬૬૫ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૮૫ | ૧૧૦૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ૧૭ | તુવેર | ૯૦૦ | ૧૪૨૦ |
| ૧૮ | કપાસ | ૧૦૨૦ | ૧૯૧૫ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ૨૦ | જીરૂ | ૨૫૦૦ | ૩૯૦૦ |
| ૨૧ | ધાણા | ૨૪૫૦ | ૨૮૨૦ |
| ૨૨ | અજમા | ૧૯૪૦ | ૧૯૪૦ |
| ૨૩ | મેથી | ૧૨૩૦ | ૧૩૧૫ |
| ૨૪ | સોયાબીન | ૯૦૦ | ૧૫૮૦ |
| ૨૫ | રજકાનું બી | ૨૦૭૫ | ૪૦૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## ભાવનગર જિલ્લાનાં બુધેલગામ નજીકથી

વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ સોંપેલ છે.

પકડાયેલ ઈસમોની પુછપરછ દરમિયાન આરોપી ઈમરાન હમીરભાઈ પરમાર તથા સાજીદખાન અયુબખાન પઠાણ નામના આરોપીઓએ પકડવાના બાકી છે તે આરોપી અભિષેક રાઠોડ તથા ભરતભાઈ ભરવાડ (બન્ને રહે. ભાવનગર) એ બે દિવસ પહેલાં ગેરકાયદેસર એંબરગ્રીસ (વ્હેલ માછલીની ઉલ્ટી) નો જથ્થો સાચવવા માટે આપી, તે વેચાઈ જશે ત્યારે કમિશન આપવાની વાત કરતાં, ઈમરાન પરમારે આ એંબરગ્રીસ (વ્હેલ માછલીની ઉલ્ટી) પોતાની પાસે રાખી, બીજા દિવસે બુધેલગામ ખાતે તેના મિત્ર ફૈઝાન મધરા અને શબ્બીર સૈયદને બોલાવી, ઉપરોક્ત ચારેય ઈસમોએ એંબરગ્રીસ (વ્હેલ માછલીની ઉલ્ટી) નો જથ્થો વેચાણ કરવા માટે ગ્રાહક શોધવાનુ નક્કી કરેલ અને વેચાણ થાય ત્યાં સુધી મિત્ર ફૈઝાન મધરા અને શબ્બીર સૈયદને આ જથ્થો સાચવવા માટે આપેલ હતો. અને તે બાદ રાત્રીના સમયે ગ્રાહક શોધવાની વાતચીત કરવા ચારેય ઈસમો ભેગા થયેલ તે દરમ્યાન એંબરગ્રીસ (વ્હેલ માછલીની ઉલ્ટી) નો જથ્થા સાથે પકડાઈ ગયેલ હતા.

એંબરગ્રીસનો ઉપયોગ ઉચ્ચ ગુણવત્તાના અત્તર (પરફ્યુમ) બનાવવામાં થાય છે જે સુગંધને લાંબા સમય સુધી ટકાવવામાં મદદ કરે છે (ફિકસેટિવ તરીકે) અને સુગંધને વધુ સમૃદ્ધ બનાવે છે, તેમજ ધૂપ, સુગંધિત તેલ, રાજવી સુગંધિત ઉત્પાદનો તથા ભૂતકાળમાં કેટલીક સંસ્કૃતિઓમાં તેનો ઉપયોગ દવા તરીકે અથવા કામોત્તેજક તરીકે કરવામાં આવતો હોવાથી તેની આંતરરાષ્ટ્રીય સ્તરે કરોડો રૂપિયામાં કિંમત થાય છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૩૦ | ૧૩૧૦ |
| ૨ | જીરૂ | ૩૪૪૦ | ૩૭૫૦ |
| ૩ | ચણા | ૧૦૫૦ | ૧૧૪૦ |
| ૪ | ઘઉં | ૪૮૧ | ૫૨૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો

તલાશી લેતા કારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કીની ૧૮૦ મીલીની બોટલ નંગ–૧૯૨ કુલ કિંમત રૂપિયા ૨૬૮૮૦ તથા ભારતીય બનાવટી વિદેશી દારૂ રીઝર્વ વ્હીસ્કીની ૧૮૦ મીલીની રીંગપેક બોટલ નંગ–૧૯૨ની કિંમત રૂપિયા ૨૭૮૪૦ તથા ફોર વ્હીલની કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૦૪,૭૨૦નો મુદામાલ ઝડપી પાડી કાર ચાલકની શોધખોળ આદરી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## છેતરપીંડી કરનાર આરોપીને ઝડપી લેવાયો

તેમજ ભાવનગર જીલ્લાના તળાજા પોલીસ સ્ટેશન તેમજ મહુવા પોલીસ સ્ટેશનના ગુન્હાઓમાં છેલ્લા છ માસથી નાસ્તા– ફરતા હોય તે આરોપીને હ્યુમન સોર્સ તથા ટેકિનકલ સોર્સની મદદથી પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

ઝડપાયેલ આરોપી તથા તેના સાગરીતો જુદા જુદા જીલ્લાઓના વેપારીઓને મોબાઈલ ફોન ઉપરથી સંપર્ક કરી તેમજ વેપારી પાસે રૂબરૂ જઈ ચીજવસ્તુઓનો ઓર્ડર આપી વાહન મોકલી અને માલ ભરી ડિલીવરી લઈ લીધા બાદ આરોપીઓ દ્વારા વેપારીઓને બ્લોક થઈ ગયેલ ખાતાના ચેક આપી અને છેતરપીંડી કરવાની ટેવ ધરાવે છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૬૮ |
| ૨ | શીંગ દાણા | ૧૮૦૦ | ૨૫૧૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૭૩ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૬૯૪ |
| ૫ | જીરૂ | – | ૩૪૩૦ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૮૭૪ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| ૧૦ | જુવાર | ૪૮૦ | ૧૧૦૦ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૫૨૦ |
| ૧૨ | મગ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૧૩ | અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૪૧૦ |
| ૧૬ | મેથી | ૧૨૦૦ | – |
| ૧૭ | રાય/રાયડો | ૧૭૦૦ | – |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૪ | ૫૪૮ |
| ૩ | જુવાર | ૮૫૦ | ૮૫૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૩૧ |
| ૫ | અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૬ | તલ સફેદ | ૨૧૮૦ | ૨૪૫૦ |
| ૭ | તુવેર | ૯૦૦ | ૧૨૫૦ |
| ૮ | મગ | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૯ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૮૯૦ |
| ૧૦ | સોયાબીન | ૧૩૨૫ | ૧૫૭૫ |
| ૧૧ | એરંડી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૨ | તલ કાળા | ૩૪૭૫ | ૩૪૭૫ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૪ | ધાણા | ૨૨૮૦ | ૨૯૦૦ |
| ૧૫ | મકાઈ | ૫૫૫ | ૬૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## ખાંભા–નાગેશ્રી માર્ગ ઉપરથી

એન્ટ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦ સાથે મળી કુલ કિંમત રૂપિયા ૩૫,૪૦૦ના મુદ્દામાલ સાથે ગતતા. ૧૦ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યા દરમ્યાન ડેડાણ ખાંભા–નાગેશ્રી રોડે ગુડલક નામના પાનના ગલ્લા પાસેથી આરોપી મહમદ ઈરફાનભાઈ શેખ, શમશુદીનભાઈ મનસુરી ઝડપાઈ જતા પુછપરછ દરમિયાન હથિયાર પકડવાના બાકી આરોપી સંજીવ કુમાર ગુડગાવ પાસેથી લાવ્યાનું જણાવતા પોલીસે બંને આરોપીઓ સામે ફરિયાદ નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ૨ યુવકોની અટકાયત કરવામાં આવી

મોબાઈલમાં કેટલાક પુરાવા હોય જેથી આ ગુનાના પુરાવાનો નાશ કરવા મોબાઈલમાંથી તમામ ડેટા ડિલીટ કરી નાખ્યો હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે.

લીલીયાના અંટાળીયા નજીક મેટીંગ પીરીયડમાં રહેલા સિંહની પજવણી કરનારા યશરાજસિંહ વાજા રાઠોડ અને રેહાનખાન પઠાણ વનવિભાગની ગિરફતમાં આવી ગયેલા છે. આ બન્ને યુવાનો સાથે સોહિલ મૂંઝાવર અંટાળીયા નજીક સિંહ દર્શન કરવા ગયેલા હતા. ત્યારે જ મેંટીંગ પીરીયડમાં હોય, ત્યારે આ ઈસમોએ કોઈ રીતે સિંહને પરેશાન કરેલ હતા. જેને લઈ ઉશકેરાયેલ સિંહે સોહિલ મૂંઝાવરને ખેંચીને ઢસડી અને ખેંચીને દૂર સુધી લઈ જઈ મોતને ઘાટ ઉતારી દીધેલો હતો.

આ સિંહના હુમલામાં મોતની ઘટનાથી વનવિભાગ દોડયું થયું હતું. અને સિંહને મહા મહેનતે પાંજરે પુરી દીધો હતો. બાદમાં સોહિલ મુંજાવરનું સાથે સિંહ દર્શન કરવા સાથે ગયેલા બન્ને આરોપીઓની વનવિભાગે ધરપકડ કરી હતી. વનવિભાગે મૃતક સહિત ત્રણ સિંહના પજવણીખોરો સામે ગુન્હો નોંધ્યો હતો. આરોપી યશરાજસિંહ વાજા રાઠોડ અને રેહાનખાન પઠાણની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરતા આરોપીઓને કોર્ટે ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## 'આખલા યુધ્ધ'' એ ગામને બાનમાં લીધું

કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ત્રીજી ઘટના સાવરકુંડલાના આંબરડી ગામમાં બની. ગામના મુખ્ય બજારમાં બે આખલા અચાનક યુદ્ધે ચડયા અને અડધો કલાક સુધી બજારમાં આંતક મચાવ્યો હતો. આખલાઓની લડાઈ એટલી ઉગ્ર હતી કે આખી બજાર બંધ થઈ ગઈ હતી અને લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

આ સમય દરમિયાન સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાની કાર પણ બજારમાંથી પસાર થઈ રહી હતી. જેને પણ આ આખલાઓના યુદ્ધના કારણે તેમની કાર પણ થોડા સમય માટે અટવાઈ હતી. જયારે ત્રીજા આખલાએ પણ તે યુદ્ધમાં ઝંપલાવતા લડાઈ વધુ વિકરાળ બની હતી.

છેવટે સ્થાનિકો અને વહીવટી તંત્રએ ભેગા મળીને આખલાઓના યુદ્ધને અટકાવવા માટે જેસીબીની મદદ લેવી પડી. જેસીબી અને ગ્રામજનોની સામૂહિક મહેનત બાદ લગભગ એક કલાકે આખલા યુદ્ધનો અંત આવ્યો. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી.

જિલ્લામાં રખડતા આખલાઓને કારણે અવારનવાર અકસ્માત અને ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. શહેરથી ગામડા સુધી આ સમસ્યા પહોંચી છે ત્યારે તંત્ર દ્વારા નક્કર પગલાં લેવાની માંગ ગ્રામજનો કરી રહ્યા છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૦૬૦ | ૨૬૯૫ |
| ૨ | બાજરો | ૪૦૦ | ૫૪૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૩૦ |
| ૪ | જુવાર | ૭૦૧ | ૧૧૮૫ |
| ૫ | મગ | ૧૩૦૧ | ૧૫૮૫ |
| ૬ | અડદ | ૧૭૭૫ | ૧૭૭૫ |
| ૭ | તુવેર | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૯ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | સોયાબીન | ૧૩૪૨ | ૧૩૪૨ |

# અમરેલી ખાતે સાહિત્ય અકાદમી સાહિત્યપર્વ આયોજીત બાળરંજન રંગારંગ સભા યોજાઇ






અમરેલી શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર સાંસ્કૃતિક ભવન પ્રેરિત ગુજરાતી સાહિત્ય પરિષદ તથા સાંદિપની સાહિત્વ પર્વ યોજે છે. એક સુંદર બાળરંજન રંગારંગ સભા અંતર્ગત સમગ્ર ગુજરાતમાં બાળકો મનોરંજન દ્વારા જીવનમૂલ્યો શીખે, ગ્રહણ કરે, એટલા માટે બાળ સાહિત્યકારો અનુકૂળતા મુજબ પસંદગીની પ્રાથમિક શાળાઓમાં જઈ બાળવાર્તા, બાળકાવ્યોથી મનોરંજન કરે. આ જેમને વિચાર આવ્યો કે તેમને એક બાળ સાહિત્યકાર રવજીભાઈ કાચા (અમરેલી) અભિનંદન પાઠવે છે. ઉપરોકત કાર્યક્રમ અંતર્ગત અમરેલીની ડી.કે. કામદાર૨ પ્રા. શાળામાં બાળવાર્તાઓ યોજાયેલ હતી. આચાર્ય સીમાબેનના આવકાર બાદ દિપપ્રાગટય થયુ ત્યારબાદ રવજીભાઈ કાચાએ બાળકોને બ્રહ્મમુદ્રામાં બેસી ઓમકાર કરાવેલ. પછી હસાહસ થઈ શકે તથા શિક્ષણ, સંસ્કાર મૂલ્યો લક્ષી બાળ વાર્તા કહી સાથોસાથ બાળગીત પણ ગવડાવ્યું. શારીરિક કસરત પણ કરાવી. ઉપસ્થિત ડો. કાલિન્દીબેન પણ સુંદર બાળવાર્તા સંભળાવી ત્યારબાદ રવજીભાઈ કાચાએ બાળકોને સુંદર રંગલાટોળી પહેરાવી બાળગીત ગવડાવ્યું. એક કલાકના સુંદર બાળરંજન રંગારંગ સભામાં આનંદ કરતા કરતાં આચાર્ય સીમાબહેને આભાર વિધી કરી. આ કાર્યક્રમમાં શાળાનાં તમામ બાળકો તથા શિક્ષકગણ ઉપસ્થિત હતા. એમ બાળસાહિત્યકાર રવજીભાઈ કાચાની યાદીમાં જણાવેલ છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આખા પ્રકરણ પર મૌન કેમ છે

# શ્રીરામ મંદિરમાં થયેલ ચોરી માત્ર આર્થિક કૌભાંડ નથી કરોડો શ્રધ્ધાળુઓની આસ્થા સાથે ઘોર વિશ્વાસઘાત છે

### રાજસ્થાનનાં પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે પત્રકાર પરિષદ યોજી



અમદાવાદ, તા. ૧૧

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતએ ગુજરાત મુલાકાતે આવ્યા હતા. તેઓએ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ સ્વાગત કર્યુ હતું અને પત્રકાર વાર્તામાં ઉપસ્થિત રહ્યા હતા. રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં વરિષ્ઠ નેતાઓ સાથે અશોક ગહેલોતએ મુલાકાત કરી હતી

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધિત કરતા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે શ્રીરામ મંદિર ફાળો ચોરી એ આસ્થાના નામે રાજનીતિ, ચઢાવાના નામે લૂંટ છે. ભગવાન શ્રીરામના નામે એકત્રિત કરવામાં આવેલો ફાળો પણ બીજેપી-આરએસએસની રાજકીય લૂંટનો ભોગ બન્યો છે મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામ કરોડો ભારતીયોની આસ્થા, સંસ્કૃતિ અને નૈતિક ચેતનાના પ્રતીક છે. દેશના ખૂણે-ખૂણેથી ગરીબો, ખેડૂતો, મજૂરો, મહિલાઓ અને શ્રદ્ધાળુઓ પોતાની મહેનતની કમાણી, પોતાના દાગીના, પોતાની બચત અને પોતાની શ્રદ્ધા લઈને શ્રીરામ મંદિર નિર્માણ માટે આગળ આવ્યા હતા. ભાજપ, આરએસએસ, વિ હિન્દુ પરિષદ અને સંઘ પરિવારના સંગઠનોએ આશરે ત્રણ દાયકા સુધી ભગવાન શ્રીરામના નામે રાજનીતિ કરી, દેશના ગરીબ અને મધ્યમ વર્ગ પાસેથી શ્રીરામના નામે ફાળો એકત્ર કર્યો અને આ જ આંદોલનના આધારે સત્તા મેળવી. આજે એ જ કરોડો રામભકતો એ પૂછવા માટે મજબૂર છે કે ભગવાન રામના નામે એકત્ર કરાયેલો ફાળો અને ચઢાવો આખરે કોના સંરક્ષણમાં લૂંટાયો ? જયારે ટ્રસ્ટની રચના વડાપ્રધાનની દેખરેખ હેઠળ થઈ હતી, તો આ કૌભાંડની જવાબદારી કોણ લેશે ? જો બધું બરાબર હતું, તો ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા કેમ થયા ? જો કંઈ ખોટું નથી થયું, તો સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ સ્વતંત્ર તપાસનો ડર શેનો છે ? એ મુખ્ય સવાલો છે.

શ્રી રામ મંદિરમાં થયેલ ચંદા ચોરી માત્ર આર્થિક કૌભાંડ નથી. આ કરોડો શ્રદ્ધાળુઓની આસ્થા, વિાસ અને લાગણીઓ સાથે થયેલ ઘોર વિાસઘાત છે. પહેલી વખત કોઈ મંદિર આરએસએસ અને ભાજપના સીધા નિયંત્રણમાં આવ્યું અને લૂંટાઈ ગયું. સંસ્કૃતિની ખાલ ઓઢીને રાજનીતિ કરનારા કોઈની સાથે ઈમાનદાર ન હોઈ શકે. ન તો પોતાના પ્રત્યે, ન તો જનતાના પ્રત્યે, ન તો ભગવાનના પ્રત્યે. સમસ્યા ચંપત રાય અથવા અનિલ મિશ્રા નથી. સમસ્યા તે સંઘી વ્યવસ્થા છે જે શ્રીરામ મંદિર માટે બનાવવામાં આવી છે. ચંપત રાયને આરએસએસે બેસાડ્યા હતા. તેમના નેતૃત્વમાં મંદિર લૂંટાયું. પહેલા ચંદો, પછી જમીન, પછી માટી, ગીટ્ટી, પથ્થર, નિર્માણ, ચઢાવા બધું લૂંટાયું. હવે ચંપતને હટાવીને કૃષ્ણમોહનને બેસાડી દીધા. ચંપત પણ આરએસએસના હતા. કૃષ્ણમોહન પણ આરએસએસના છે. અયોધ્યાની મહંત પરંપરાને દૂર કરીને, રામ મંદિર માટે લડનારા સંતોને બહાર કાઢીને, આરએસએસ મંદિર પર કબજો શા માટે ઈચ્છે છે ?

અત્યાર સુધી સામે આવેલા તથ્યો અત્યંત ગંભીર છે જેમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના તત્કાલીન મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાના રાજીનામા સ્વીકારી લેવામાં આવ્યા છે. આ પોતે જ એ વાતનો સંકેત છે કે મામલો સામાન્ય વહીવટી ભૂલનો નથી, પરંતુ એક મોટા કૌભાંડનો છે. ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ દેવ ગિરીએ પોતે જાહેરમાં નિવેદનો આપ્યા છે, જયારે ટ્રસ્ટની નાણાકીય દેખરેખ, પારદર્શિતા અને સંપત્તિઓની સુરક્ષાની સર્વોચ્ચ જવાબદારી તેમની જ હતી. મીડિયા અહેવાલો અનુસાર, ટ્રસ્ટના વિશેષ આમંત્રિત સભ્ય ગોપાલ રાવ (ગોપાલ નગરકોટે)ને હટાવવા અને તેમની સ્થિતિ અંગે પણ ગંભીર ભ્રમ અને વિરોધાભાસ સામે આવ્યા છે. આરએસએસના પૂર્વી ઉત્તર પ્રદેશના પ્રભારી કૃષ્ણમોહનને ટ્રસ્ટના નવા મહાસચિવ બનાવવામાં આવ્યા છે, જયારે તેમના પર આખા પ્રકરણને દબાવવા અને લીપાપોતી કરવાના આરોપો જાહેરમાં લાગી ચૂકયા છે. એ જગજાહેર છે કે ટ્રસ્ટના વહીવટી માળખા અને સર્વોચ્ચ નિમણૂંકોમાં વડાપ્રધાન કાર્યાલય (પીએમઓ)ની સક્રિય ભૂમિકા રહી છે. આવામાં કેન્દ્ર સરકાર પોતાની જવાબદારીમાંથી પોતાને અલગ ન કરી શકે. સીટ હવે શ્રીરામ મંદિરના મોટા આયોજનોના ખર્ચની પણ તપાસ કરી રહી છે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ની પ્રાણ-પ્રતિષ્ઠા પર આશરે ૧૧૩ કરોડ ખર્ચવામાં આવ્યા, જેમાં લગભગ ૮૦૦૦ અતિથિઓ સામેલ થયા હતા. ૨૫ નવેમ્બર ૨૦૨૫ ના ધ્વજારોહણ કાર્યક્રમ પર આશરે ૧૦.૧૨ કરોડ ખર્ચવામાં આવ્યા. નકલી રસીદો, રોકડ ચઢાવો, હિસાબ-કિતાબ અને કથિત ગેરરીતિના અનેક આરોપો સામે આવ્યા છે. નાના કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે, જયારે ટ્રસ્ટના સર્વોચ્ચ હોદ્દેદારોની જવાબદારી હજુ સુધી નક્કી કરવામાં આવી નથી. એટલું જ નહીં, ભાજપ-આરએસએસએ ન તો પ્રભુ શ્રી રામના ફાળાને છોડયો અને હવે ઉત્તરાખંડના શ્રી બદ્રીનાથ મંદિર સાથે જોડાયેલા તાજેતરના દાન કૌભાંડે પણ એ પ્રશ્ન ઊભો કર્યો છે. કોઈ પણ પ્રેસ કોન્ફરન્સ આ સત્ય પર પડદો પાડી શકતી નથી કે સીસીટીવી નિરીક્ષણ, બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા અને પ્રભાવશાળી લોકોના સંરક્ષણ વિના આટલા મોટા પાયે આ કથિત કૌભાંડ શકય બની શકે નહીં. ટુકડે-ટુકડે રાજીનામા, નાના કર્મચારીઓની ધરપકડ અને મર્યાદિત કાર્યવાહી માત્ર લીપાપોતી કરવાનો પ્રયાસ જણાય છે, જેથી મોટી માછલીઓ સુધી આંચ ન પહોંચે.

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મર્યાદા પુરૂષોત્તમભગવાન શ્રીરામની આસ્થા પર ધાડ પાડનારાઓને બચાવવાની નહીં, પરંતુ તેમને બેનકાબ કરવાની અને કાયદાના કઠેડામાં ઊભા રાખવાની જરૂર છે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ આખા પ્રકરણ પર મેન કેમ છે ? શું ચંપત રાય, અનિલ મિશ્રા, ગોવિંદ દેવ ગિરી, ગોપાલ રાવ અને ટ્રસ્ટના અન્ય સર્વોચ્ચ હોદ્દેદારો આ આખા પ્રકરણમાં પોતાની જવાબદારીમાંથી બચી શકે છે ? જયારે આખું ટ્રસ્ટ શંકામાં છે, તો માત્ર નાના કર્મચારીઓ પર જ કાર્યવાહી કેમ ? શું ડબલ એન્જિન સરકાર દોષિતોને બચાવી રહી છે ? શું કેન્દ્ર સરકાર સત્ય સામે આવવાથી ડરી રહી છે ? જો બધું પારદર્શક હતું, તો રાજીનામા કેમ થયા ? ધરપકડો સર્વોચ્ચ સ્તરે કેમ ન થઈ ? એ દેશ જાણવા માંગે છે

ભગવાન શ્રીરામ કોઈ રાજકીય પક્ષની સંપત્તિ નથી. તેઓ કરોડો ભારતીયોની આસ્થા છે. ભગવાન રામના નામે એકત્રિત કરાયેલા નાણાંની કથિત લૂંટ અને તેના પર પડદો પાડવાનો દરેક પ્રયાસ દેશની ધાર્મિક ચેતનાનું અપમાન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશ સમક્ષ જવાબ આપે કે ટ્રસ્ટની રચના, સર્વોચ્ચ નિમણૂંકો અને વહીવટી દેખરેખમાં તેમની સરકાર અને વડાપ્રધાન કાર્યાલયની શું ભૂમિકા રહી છે અને આટલા ગંભીર આરોપો પછી પણ તેઓ અત્યાર સુધી મૌન કેમ છે. ચંપત રાય, અનિલ મિશ્રા અને આઆખા કૌભાંડમાં સામેલ તમામ પ્રભાવશાળી વ્યકિતઓ વિરૂદ્ધ તાત્કાલિક એફઆઈઆર નોંધીને તેમની ધરપકડ કરવામાં આવે. આખા પ્રકરણની તપાસ સર્વોચ્ચ અદાલતની દેખરેખ હેઠળ કરાવવામાં આવે જેથી એ સ્પષ્ટ થઈ શકે કે આ કથિત લૂંટ પાછળ કયા લોકો છે અને કોના સંરક્ષણમાં આ બધું વર્ષો સુધી ચાલતું રહ્યું. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને તાત્કાલિક ભંગ કરવામાં આવે, વર્તમાન ટ્રસ્ટને ભંગ કરીને ધર્માચાર્યો, પ્રતિષ્ઠિત નાગરિકો, વહીવટી નિષ્ણાંતો અને સ્વતંત્ર સભ્યો સાથે એક નવું, પારદર્શક અને જવાબદારીપૂર્વકનું ટ્રસ્ટ ગઠિત કરવામાં આવે, ચઢાવા અને ફાળાનું સંપૂર્ણ ફોરેન્સિક ઓડિટ, શ્રી રામ મંદિર માટે પ્રાપ્ત થયેલા તમામ ફાળા, ચઢાવા, જમીનની ખરીદી, આયોજનો અને ખર્ચાઓનું સ્વતંત્ર ફોરેન્સિક ઓડિટ કરીને તેનો અહેવાલ જાહેર કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

# અમરેલીમાં ડો. કૃષ્ણદેવજી જાડેજાનું સ્વાગત કરતા મુકેશભાઇ ભટ્ટ



અમરેલી, તા. ૧૧

અમરેલીનું સૌભાગ્ય પોતાનાં વતન પ્રેમ માટે ડોકટર કૃષ્ણદેવસિંહ જાડેજા ( યુરોલોજિસ્ટ), જેશીંગપરામાં આવેલ ધર્મ જીવન હોસ્પિટલમાં આવેલ તેમનું પુષ્પ ગુચ્છ દ્વારા મુકેશભાઈ ભટ્ટે (સોનલ) સ્વાગત કર્યુ. ડોકટર કૃષ્ણદેવસિંહજીના પિતા અમરેલી એલ.આઈ.સી.માં એક અધિકારી તરીકે ફરજ બજાવતા હતા. તેમનો સ્વભાવ દરેક મનુષ્ય માટે હંમેશા મદદરૂપ થતા ડોકટર કૃષ્ણદેવસિંહજી એક આદર્શ વ્યકિતત્વ ધરાવે છે. એક કહેવત છે કે, ''મોરના ઈંડા ચીરવા ના પડે'' તેઓનો પરિવાર લાગણી શીલ અને સ્નેહનું પ્રતિક છે. તેમના ભાઈ પણ ડોકટર છે. અમરેલીની જનતા વતી તેમનો આભાર માનુ છું.

# પૂર્વ ધારાસભ્ય પુંજાભાઇ વંશની રજુઆત ઉનામાં નવા સર્કલ અને હાઇમાસ્ટ ટાવર મુદ્દે પાલિકા કમિશનરને રજુઆત

### સમગ્ર કામગીરીનું ટેકનિકલ નિરીક્ષણ કરવા માંગ કરી



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

ઉના, તા. ૧૧

ઉના શહેરમાં ટાવર ચોક અને ત્રિકોણ બાગ નજીક બની રહેલા નવા સર્કલ અને હાઈમાસ્ટ ટાવરના નિર્માણને લઈને પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે રીજીયોનલ કમિશ્નર, નગરપાલિકાઓ (ભાવનગર)ને લેખિત રજૂઆત કરીને સમગ્ર કામગીરીનું સ્વતંત્ર ટેકનિકલ નિરીક્ષણ કરાવવાની અને જાહેર હિતમાં યોગ્ય નિર્ણય લેવાની માંગ કરી છે.રજુઆતમાં જણાવાયું છે કે, ટાવર ચોક ખાતે નવા સર્કલનું નિર્માણ કરવામાં આવ્યું છે તેમજ તેની નજીક હાઈમાસ્ટ ટાવર ઊભો કરવામાં આવી રહ્યો છે. આ કામગીરીને કારણે રાહદારીઓ અને નાના-મોટા વાહનચાલકો માટે ભવિષ્યમાં ટ્રાફિકની ગંભીર સમસ્યા તેમજ અકસ્માતનું જોખમ ઊભું થઈ શકે છે.

પત્રમાં વધુમાં જણાવાયું છે કે, ત્રિકોણ બાગ પાસે આવેલી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા નજીક પણ નવું સર્કલ અને હાઈમાસ્ટ ટાવર બનાવવામાં આવી રહ્યું છે. આ સ્થળેથી ગીરગઢડા તરફ જતાં બસ, ટ્રક સહિતના ભારે વાહનોને વળાંક લેવામાં મુશ્કેલી પડી શકે છે, જેના કારણે ટ્રાફિક જામ અને ગંભીર અકસ્માતની સંભાવના રહેલી છે.

પૂર્વ ધારાસભ્યએ આક્ષેપ કર્યો છે કે, બંને સર્કલનું નિર્માણ યોગ્ય ટ્રાફિક ડિઝાઇન, માર્ગની પહોળાઈ અને વાહનવ્યવહારના અભ્યાસને ધ્યાનમાં રાખ્યા વગર કરવામાં આવી રહ્યું હોય તેવી પ્રાથમિક દ્રષ્ટિએ સ્થિતિ જણાય છે. ઉપરાંત સર્કલની બાજુમાં પૂરતી જગ્યા હોવા છતાં રોડની મધ્યમાં હાઈમાસ્ટ ટાવર ઉભો કરવાની કામગીરીને પણ તેમણે અયોગ્ય ગણાવી છે.

તેમણે બંને સ્થળે ચાલી રહેલા સર્કલ અને હાઈમાસ્ટ ટાવરના કામનું સ્વતંત્ર ટેકનિકલ નિરીક્ષણ કરાવવા, ટ્રાફિક વિભાગ અને નિષ્ણાતોની સલાહ મુજબ ડિઝાઈનની સમીક્ષા કરવા તેમજ ભારે વાહનોની અવરજવર, રાહદારીઓની સુરક્ષા અને ભવિષ્યના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને જરૂરી ફેરફારો કરવાની માંગ કરી છે. પુંજાભાઈ વંશે રજૂઆતના અંતે જણાવ્યું છે કે, યોગ્ય આયોજન વિના કરવામાં આવતી કામગીરીના કારણે ભવિષ્યમાં જાનહાનિ કે અકસ્માત સર્જાવાનો ભય રહેલો હોવાથી જાહેર હિત અને લોકોની સુરક્ષાને પ્રાથમિકતા આપી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.

### આચાર્યના માર્ગદર્શન તળે

# બાબરાની સરકારી કોલેજમાં વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરાઈ

### વસ્તી વધારો દેશની અનેક સમસ્યાઓનું મૂળ : ડો. હિંમત મકવાણા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા.૧૧

વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે બાબરાની સરકારી વિનયન અને વાણિજય કોલેજમાં આચાર્યના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અને એનએસએસ (NSS)ના સંયુક્ત ઉપક્રમે લોકજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત અંગ્રેજી વિભાગના અધ્યક્ષ અને સંચાલક ડો.પાર્થ જોશીએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી સૌનું શાબ્દિક સ્વાગત કરીને કરી હતી. ત્યારબાદ મુખ્ય વક્તા અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. હિંમત મકવાણાએ 'વસ્તી વધારો : એક સાંપ્રત સમસ્યા' વિષય પર પ્રાસંગિક ઉદબોધન આપતાં જણાવ્યું હતું કે ભારતની વસ્તી ૧૪૭ કરોડને પાર કરી વિશ્નનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો છે. વધતી વસ્તી દેશની અનેક આર્થિક,સામાજિક અને પર્યાવરણીય સમસ્યાઓનું મૂળ હોવાથી તેના નિયંત્રણ અને જનજાગૃતિ માટે સૌએ સંયુક્ત પ્રયાસો કરવાની જરૂર છે.ત્યારબાદ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપિકા ડો.રાધિકા વ્યાસે 'વસ્તી વિષયકતા : વૈશ્વિક પરિપ્રેક્ષ્ય' વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપીને વિશ્વ સ્તરે વસ્તી વૃદ્ધિના પડકારો અને તેના ઉકેલ અંગે માહિતગાર કર્યા હતા.કાર્યક્રમ દરમિયાન એનએસએસના સ્વયંસેવકો દ્વારા વધતી વસ્તી અને તેના કારણે સર્જાતી વિવિધ આપત્તિજનક પરિસ્થિતિઓમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને પ્રાથમિક સારવાર કેવી રીતે આપવી તે અંગે જાગૃતિ લાવવા માટે નાટયાત્મક મોકડ્રિલ રજૂ કરવામાં આવી હતી, જેને વિદ્યાર્થીઓ અને ઉપસ્થિતોએ પ્રશંસનીય પ્રતિસાદ આપ્યો હતો.અંતમાં કોલેજના આચાર્યએ અધ્યક્ષીય ઉદબોધન કરીને વિશ્વ વસ્તી દિવસની ઉજવણીનું મહત્વ સમજાવ્યું હતું. એનએસએસના સહ-કન્વીનર ડો.કુલદીપ રાજગોરે આભારવિધિ વ્યક્ત કરી હતી.આ કાર્યક્રમમાં કોલેજના સ્ટાફગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તેમજ એનએસએસ વિભાગના કો-ઓર્ડિનેટર ડો.હિંમત મકવાણાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### વીજકર્મીઓની સુરક્ષાને લઈને પ્રશ્નો ઉભા થયા

# ખાંભાના કોટડા ગામની સીમ વિસ્તારમાં વીજ લાઈન સમારકામ માટે ગયેલ વીજકર્મી પર હુમલો

### ઈજાગ્રસ્ત કર્મચારીને સારવારમાં ખસેડવામાં આવ્યા



તસ્વીર : રાજુભાઈ વાળા-ખાંભા

અમરેલી, તા. ૧૧

ખાંભા તાલુકાના કોટડા ગામની સીમ વિસ્તારમાં વીજ લાઇનના સમારકામ માટે ગયેલા પીજીવીસીએલના કર્મચારી પર હુમલો થયાની ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ ખાંભા, પીજીવીસીએલમાં છેલ્લા પથી ૬વર્ષથી ફરજ બજાવતા ઈલેકિટ્રક આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા એસ.વી. ડામોર વીજ લાઇનનું સમારકામ કરી રહ્યા હતા ત્યારે કોટડા ગામના રામકુભાઈ ખાડક નામના શખ્સે તેમના પર ઢીકા-પાટુ તથા લોખંડની પાઈપ વડે હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા કર્મચારીને તાત્કાલિક સારવાર માટે ખાંભા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં તેમની સારવાર શરૂ કરવામાં આવી છે. ઘટનાને પગલે પીજીવીસીએલના કર્મચારીએ ખાંભા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે. ખાંભા પોલીસે ઈજાગ્રસ્ત કર્મચારીના નિવેદનના આધારે વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટનાને લઈને વિસ્તારમાં ચર્ચા જાગી છે અને સરકારી ફરજ બજાવતા કર્મચારીઓની સુરક્ષાને લઈને પણ પ્રશ્નો ઊભા થયા છે.

આ અંગે જુનિયર ઈજનેર પી.કે. ચૌહાણે જણાવ્યુ હતું કે, આજ રોજ અમારા લાઈન સ્ટાફ એસ.વી. ડામોરભાઈ સાથે કોન્ટ્રાકટરની ગેંગ સાથ..ઈંગોરાળા ખેતીવાડી ફીડર કે જે કોટડા ગામની સીમ વિસ્તારમાં આવે છે, ત્યાં વીજપોલ ધરાશાયી થયા હતા ચોમાસાના કારણે, તે ઉભા કરવા માટે અને લાઈનની સમારકામની કામગીરી માટે પહોંચ્યા હતા.

સ્થળ પર રામકુભાઈ ખડક નામના ગ્રાહક દ્વારા અમારા લાઈન સ્ટાફ એસ.વી. ડામોરને કહેવામાં આવ્યું. અમારૂ કનેકશન સૌપ્રથમ શરૂ કરવામાં આવે અને લાઈન આગળનું કામ છોડી અમારૂં કામ કનેકશન પહેલા શરૂ કરી દેવામાં આવે. અમારા લાઈન સ્ટાફ એસ.વી. ડામોરભાઈ ના પાડતા... એમના જણાવ્યા અનુસાર લાઈન પહેલા શરૂ કરવી પડે આગળ નું કામ પહેલા કરવું પડે જેથી કરીને સમગ્ર વિસ્તારના ગ્રાહકોને ઝડપથી વીજ પુરવઠો મળી રહે. તેવી કર્મચારી આજીજી કરતા આપેલ ગ્રાહક રામકુભાઈ ખડક દ્વારા અમારા લાઈન સ્ટાફને ધમકી આપવામાં આવી અને ઢોર માર મારવામાં આવ્યો લોખંડના હથિયાર દ્વારા એના ઉપર હુમલો કરવામાં આવ્યો, ઝાપટોના પ્રહાર કરવામાં આવ્યા અને જાણ થતાં અમારી પીજીવીસીએલની ટીમ ઘટના સ્થળે પહોંચી આવી હતી. સાથે જ ૧૧૨ની ટીમ, ૧૦૮ની ટીમ પણ પહોંચી ગઈ હતી. હાલમાં લાઈન સ્ટાફ ઈલેકિટ્રકલ આસિસ્ટન્ટ ખાંભા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ થયા છે. અને ખાંભા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જનરલ સર્જરી વિભાગ
•કોઈપણ પ્રકારની સારણગાંઠ (હર્નિયા) નું નિદાન અને ઓપરેશન • વધરાવળ (હાઈડ્રોસીલ) નું નિદાન અને ઓપરેશન
•પિતાશયની પથરી અને એપેન્ડીક્ષનું દુરબીનથી ઓપરેશન • સ્તનની સાદી ગાંઠ અથવા સ્તનના કેન્સરનું નિદાન અને ઓપરેશન
•શરીરમાં ચરબીની ગાંઠ રસોળી કે અન્ય કોઈપણ પ્રકારની ગાંઠનું ઓપરેશન • પેટના રોગો અને આંતરડાના રોગોનું નિદાન અને સારવાર, આંતરડામાં કાણું (પર્ફોરેશન) કે અટકવું, (ઓબ્સ્ટ્રક્શન) નું ઓપરેશન • ડાયાબિટીસ ફુટ, વેરીકોઝ વેઈન (પગની નસોનો ફુલાવો) નું ઓપરેશન • થાઈરોડની ગાંઠ, પેરોટિડ (લાળગ્રંથિ) ની ગાંઠનું નિદાન અને ઓપરેશન •હરસ-મસા ભગંદર તથા મળમાર્ગના રોગોનું નિદાન અને સારવાર રાહતદરે કરી આપવામાં આવશે• મોટા ઘા પર ચામડી લગાવી પ્લાસ્ટિક સર્જરી (Split thickness graft)

:: ઉપલબ્ધ સુવિધા ::
મેડિકલ સ્ટોર, લેબોરેટરી, 24X7 તાત્કાલિક સારવાર, એમ્બ્યુલન્સની સુવિધા
આયુષ્માન કાર્ડ અંતર્ગત મફતમાં ઓપરેશન કરી આપવામાં આવશે
GUVNL
ડો. ઉત્કર્ષ પટેલ
(MS - જનરલ સર્જન)

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧, ગુજરાત, ઈન્ડિયા
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯


## અમરેલી જિલ્લામાં રખડુ શ્વાન, ભટકતા ગૌવંશ અને રાની પશુઓની સમસ્યા વધી રહી છે

# આંબરડી અને વીરડીમાં થયેલ “આખલા યુધ્ધ”એ ગામને બાનમાં લીધું

**વીરડી ગામે ચાલતાં આખલા યુધ્ધમાં અડફેટે આવનાર એક યુવક ઈજાગ્રસ્ત**

**આંબરડીમાં ૩૦ મિનિટ સુધી બે આખલાઓ યુધ્ધે ચડતા ગામમાં ફફડાટ ફેલાયો**

**દરમિયાન ધારાસભ્ય મહેશ કસવાલાની કારને પણ પીછેહઠ કરવી પડી હતી**

**આધુનિક ટેકનોલોજીનાં યુગમાં સરકાર ધારે તો રખડતા પશુ, પ્રાણીની સમસ્યા દૂર કરી શકે તેમ છે**






અમરેલી, તા. ૧૧


અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં રખડતા આખલાઓનો આંતક દિન-પ્રતિદિન વધી રહ્યો છે. શહેરી વિસ્તારની સાથે હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ આખલાઓ ત્રાસ ફેલાવી રહ્યા છે. સાવરકુંડલા તાલુકાના વીરડી અને આંબરડી ગામમાં ૨૪ કલાકમાં બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. જેમાં એક યુવકને ગંભીર ઈજા થઈ તો બીજામાં આખલા યુદ્ધે આખા ગામને બાનમાં લીધું હતું. સાવરકુંડલા તાલુકાના વીરડી ગામમાં એક આખલાએ યુદ્ધ દરમિયાન પસાર થતા એક યુવકને હડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. જયારે નાળ ગામના રહેવાસી ૨૧ વર્ષીય મેહુલ ખંઢેલા વીરડી ગામમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક એક આખલાએ તેમને પાછળથી ટક્કર મારી હતી. આખલાની હડફેટે આવેલા મેહુલને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી

**અનુસંધાન પાના ૬ ઉપર**

## એસએમસીનાં પીઆઈ આર.કે. કરમટાને મળેલ બાતમીનાં આધારે

# ભાવનગર જિલ્લાનાં બુધેલગામ નજીકથી ૪.૩૦ કરોડની એંબરગ્રીસ પકડી લેવામાં આવી

**૨ આરોપીની અટકાયત કરી તપાસ શરૂ કરવામાં આવી**




અમરેલી, તા. ૧૧


ગુજરાત રાજયમાં ગેરકાયદેસર રીતે ચાલતી પ્રવૃત્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરવામાં આવેલ હોય, જે સંદર્ભે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમોને કામગીરી સોંપવામાં આવેલ હતી. ત્યારે સ્ટેટ મોનીટરીંગ સેલના પોલિસ ઈન્સ.આર.કે. કરમટાને બાતમી મળી હતી. તે બાતમી વાળી જગ્યા ભાવનગર જિલ્લાના બુધેલગામે આવેલ બ્લ્યુસ્કાય સોસાયટી પાસે આવેલ ખાર વિસ્તારની પડતર જગ્યામાં રેઈડ કરી હતી. ત્યાંથી ઈમરાન રહીમભાઈ પરમાર (રહે. આખલોલ, ભાવનગર મુળ રહે- લીમડાહનુભાના), સાજીદખાન અયુબખાન પઠાણ (રહે. રૂવાપુરી રોડ ભાવનગર), ફૈજાન તાલીબભાઈ મધરા (રહે. બુધેલગામ, તા.જી.ભાવનગર), સબ્બીર ફારૂખભાઈ સૈયદ (રહે. બુધેલગામ, તા.જી. ભાવનગર)ને અલગ- અલગ સાઈઝ અને આકારના સખત ઘન પદાર્થના સફેદ-ક્રીમ ગોલ્ડન બ્રાઉન જેવા રંગના એંબરગ્રીસ (સ્પર્મ વ્હેલ માછલીની ઉલ્ટી) ના ટુકડા સાથે પકડી ફોરેસ્ટ વિભાગ તથા એફ.એસ.એલ. અધિકારી દ્વારા પરીક્ષણ-તપાસ કરાવી ૪ કિલો ૩૦૬ ગ્રામ વજન, કિંમત રૂપિયા ૪,૩૦,૬૦,૦૦૦ તથાઅન્ય મુદ્દામાલ સહિત કુલ રૂપિયા ૪,૩૧, ૬૦,૧૦૦નો મુદ્દામાલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૦૬ મુજબ તપાસ અર્થે કબજે કરી તથા પકડાયેલ ઈસમોને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૩૫ (૧)(ઈ) મુજબ અટક કરી ભાવનગર જિલ્લાના વરતેજ પોલીસ સ્ટેશન ખાતે

**અનુસંધાન પાના ૬ ઉપર**

## એસપીની સુચનાનાં આધારે બગસરા પોલીસની કામગીરી

# અમરેલી અને ભાવનગર પંથકમાં વેપારીઓ સાથે છેતરપીંડી કરનાર આરોપીને ઝડપી લેવાયો

**લાલશાહિવાળા આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરાઈ**



અમરેલી, તા. ૧૧

બગસરા પોલીસ ઈન્સ્પેકટર વી.કે. ગોલવેલકરની રાહબરી હેઠળ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા પાલીતાણા ગામે આવેલ ઘેટી રીંગ રોડ ઉપર રહેતા આરોપી અશરફ ઉર્ફે આપા ગફારભાઈ જુણેજાને બગસરા પોલીસ સ્ટેશન તેમજ નાગેશ્રી પોલીસ સ્ટેશન

**અનુસંધાન પાના ૬ ઉપર**

## સિટી પોલીસને પેટ્રોલિંગ દરમિયાન

# અમરેલીનાં કેરિયા રોડ ઉપર કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો

**પોલીસે કાર ચાલકની શોધખોળ આદરી**



અમરેલી, તા. ૧૧

અમરેલી પોલીસ ગઈકાલે રાત્રે પેટ્રોલિંગમાં હતી. ત્યારે અમરેલીના કેરીયા રોડ ઉપરથી પસાર થતી શંકાસ્પદ કારને રોકતા આ કારનો ચાલક અંધારાનો લાભ લઈ નાસી છૂટતા પોલીસે કારની તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત રૂપિયા ૩,૦૪,૭૨૦નો મુદ્દામાલ કબજે લઈ કાર ચાલકની શોધખોળ આદરી છે.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી પોલીસ ગઈકાલે રાત્રે પેટ્રોલિંગમાં હતી ત્યારે અમરેલીના કેરીયા રોડથી રેડ કોર્નર વચ્ચેના માર્ગ ઉપરથી પસાર થતી શંકાસ્પદ કાર નં. જી.જે. ૧૪, કે.ડી. ૨૯૫૦ને રોકતા આ કારનો ચાલક પુજન અંધારાનો લાભ લઈ નાશી છૂટતા પોલીસે કારની

**અનુસંધાન પાના ૬ ઉપર**

# ખાંભા-નાગેશ્રી માર્ગ ઉપરથી અગ્નિશસ્ત્રને ઝડપી લેવાયું

અમરેલી, તા. ૧૧

મધ્યપ્રદેશનાવતનીમહમદ ઈરફાનભાઈ શેખ શકશુદીનભાઈ મનસુરીતથાગુડગાવરહેતાસંજીવકુમાર ગુડગાવનામનાબેપર પ્રાંતિયશખસોએ ગેરકાયદેસર રીતે હથિયાર પરવાના/લાયસન્સ વગર દેશી બનાવટની મેગઝીન વાળી પીસ્ટલ (અગ્નિશસ્ત્ર) કિંમત રૂા. ૨૫,૦૦૦ તથા બે કારતુસ કિંમત રૂા. ૪૦૦ તથા એક સિલ્વર કલરનો પજી મોડેલનો

**અનુસંધાન પાના ૬ ઉપર**


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
Available in: Base Stand & Non-Base Stand
Color options: Wine Royal
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S., M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
●ઉદાસી રોગ ●મરવાના વિચાર આવવા ●વિચારવાયુ ●વહેમ, શંકા ●મંદબુદ્ધિ બાળકોની સારવાર
●ચિંતા - ટેન્શન ●માથાનો દુઃખાવો ●જાતિય રોગો ●વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 9737028181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Namkeen)
• Cashier - 1
• Sales Co - Ordinator - 2
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)